Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૬૮ મું ] [ અંક ૭ મો

વૈશાખ

ઇ. સ. ૧૯૫૨ ૨૫ મી એપ્રીલ

વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૮ મું<br>અંક ૭ મો | વૈશાખ | વીર સં. ૨૪૭૮<br>વિ સં. ૨૦૦૮ |

## अनुक्रमणिका


૧ સંયમ ... ... ... ... ( મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી ) ૧૩૧

૨ ભો લક્ષ્મી ! ... ...( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૧૩૦

૩ પ્રભાવના અને ભાવના ... ( સંપા. હેમચંદ્ર ન્યાલચંદ વોરા ) ૧૩૩

૪ અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા પદ્યાનુવાદ ( પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ ) ૧૩૬

૫ આનંદી વૃત્તિ ... ...( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૧૩૭

૬ માછીનો નિયમ : ૨ ... ... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૪૦

૭ વાર્ષિક તપશ્ચર્યા :: અક્ષય તૃતીયા ( શ્રી મગનલાલ મોતીચંદ 'સાહિત્યપ્રેમી' ) ૧૪૪

૮ ગુજરાતી પદ્યાત્મક દાર્શનિક કૃતિઓ (હીરાલાલ રસિકલાલ કાપડિયા M A.) ૧૪૭

૯ પ્રકીર્ણ ... ... ... ... ... ... ... ... ૧૫૩


### નવા સભાસદ

૧ શેઠ નાનજી લાધાભાઈ જ્ઞાનભંડાર લાઇફ મેમ્બર કચ્છ-નાની ખાખર


## જ્ઞાનસાર ( બીજી આવૃત્તિ )

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત આ અપૂર્વ ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો, તે તાજેતરમાં નવીન આવૃત્તિરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. ગ્રંથ નામ પ્રમાણે જ્ઞાનામૃતના સારરૂપ છે. ઉપાધ્યાયજીએ પોતાની જ્ઞાનશક્તિના નીચોડરૂપ આ ગ્રંથ રચ્યો છે અને તેથી જ તે સર્વ કોઈની પ્રશંસાને પાત્ર બન્યો છે. અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

અવશ્ય વાંચવા લાયક સમજીને જીવનમાં ઉતારવા લાયક

સાદી ને સરલ ભાષામાં લખાયેલા

## પાંચ ટેકટો

૧ ધર્મામૃત ( સુધર્મ ) ૦-૧૦-૦ ૩ જ્ઞાનોપાસના ( જ્ઞાન ) ૦-૧૦-૦

૨ શ્રદ્ધા અને શક્તિ (દર્શન) ૦-૧૦૦ ૪ ચારિત્રવિચાર (ચારિત્ર) ૦-૧૦-૦

૫ દેતાં શિખો ( દાન ) ૦-૧૦-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૮ મું.
અંક ૭ મો

: વૈશાખ :

વીર સં. ૨૪૭૮
વિ. સં. ૨૦૦૮

## સંયમ.

( નારૂણી તુજથી નથી રે જુદાઇ—એ રાગ. )

સંયમ લેના હો સુખકારી, ત્રિવિધતણો ભવભય નીવારે. સંયમ.
સંયમથી તબ શિવગતિ સાધે, અરિહંતતણું જબ ધ્યાન આરાધે. સંયમ.
ભવ ચોરાશી ફેરા ફરીયો, ત્યાગ બીન નવ પાર ઉતરીયો. સંયમ.
મનુષ્યદેહ મહાપુન્યે મળીયો, જૈન ધર્મ કલ્પતરુ ફળીયો. સંયમ.
નર્ક નિગોદનાં દુઃખ બહુ દીઠાં, પણ અજ્ઞાને લાગ્યાં મીઠાં. સંયમ.
આ ભવમાં ગુરુવાણી ચાખો, ભવભય ભ્રમણા દૂરે નાંખો. સંયમ.
બુદ્ધિ વૃદ્ધિથી ધર્મ કરશે, ભક્તિથકી કંચન ભવ તરશે. સંયમ.
અજ્ઞાન તિમિર દૂર હઠાવો, જ્ઞાનતણો ભાસ્કર પ્રગટાવો. સંયમ.

મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભો લક્ષ્મી !

( કવિઃ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

ભો ! કમલનયના કમલસદના કમલથી તુજ પૂજવા,
સહુ દેવથી પણ અધિક માની રૂપ તારા નવનવા;
તરસે સહુ તારી કૃપાની ચિત્તમાં બહુ ઝંખના,
લક્ષ્મી ! તને સહુ ભક્તિભાવે પૂજતા ચંદ્રાનના ! ૧

તારી જ જગમાં જય ભણે સહુ બોલબાલા તાહરી,
સહુ ભજન પૂજન દેવના પણ ચિત્ત લક્ષ્મી છે ધરી;
લક્ષ્મી ! તને ચંચલ કહે પણ ધરે તુજ મન સેવના,
છે સત્ય તો તારી જ પૂજા ભલે મુખ પ્રભુ–વંદના. ૨

તારા પ્રતાપે સકલ જગ આનંદ માને મન વિષે,
નિજ ચિત્તમાં મલકાય તારી ઝંખના રાખે દિસે;
તારી કૃપાથી કુરૂપ કાળો મનુજ સુંદર ભાસતો,
નિજ સગી આંખે મદનનો અવતાર સહુને દીસતો. ૩

કાણો છતાં જે નેત્રનો કુબડો અહો ! વડભાગિયો,
તે રૂપનો અંબાર સહુને તવ કૃપાથી ભાસિયો;
નકટો અને વ્રણયુક્ત મુખનો કુરૂપ માનવ જાણિયો,
તારી કૃપાથી કુરૂપતા ઢંકાય છે જગ માનિયો. ૪

જે છે નિરક્ષર મૂર્ખનો સરદાર જગમાંહે રહ્યો,
લક્ષ્મીતણા સહવાસથી પંડિત સહુ લોકે કહ્યો;
લક્ષ્મી ! અહો ! તુજ કુટિલ નીતિ સરલતા તુજ નહીં ગમે,
જે સુજન જન વિદ્યાવિલાસી ચિત્તમાં તુજ નહીં રમે. ૫

પ્રભુ ભક્ત તારી કુટિલતાને ચિત્તમાંહે જાણતા,
સહવાસ તારો શીખવે છે પાપકર્મો માનતા;
તારાથકી જે દૂર નાસે ટાળતા તુજ મોહિની,
દાખે સુખો પણ દુખભાગી નીતિની સંહારિણી. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે સંત યોગી મુક્તિરાગી તુચ્છ તુજને માનતા,
છોડી તને અણગાર પદવી પામતા સુખ જાણતા;
અતિ અલ્પ પણ સહવાસ તારો દુઃખદાયક તે ગણે,
ભવસંતતીને તું વધારે ધારતા એ નિજ મને. ૭

એવા મુનિજન ચરણકમલે નિત્ય અમ વંદન થજો,
સંસારસાગર પાર કરવા ગુરુકૃપા અમ પર હજો;
શુચિ રટણ અમ મનમાં નિરંતર ગુરુગુણોના સંચરો,
શુભ ઉદય મુનિપદનો અમોને થજો સદ્‌બુદ્ધિ વરો. ૮

પાળી મહાવ્રત પંચ રોધે ઇંદ્રિયોને જે સદા,
થઈ કિંકરી નિજ આત્મલક્ષ્મી અર્પતી નિજ સંપદા;
નહીં સ્થૂલ લક્ષ્મી અમ ગમો નિજ આત્મલક્ષ્મી સર્વને,
બાલેન્દુ વાંછે સર્વને કલ્યાણ સહુ શુભ પર્વને. ૯

# : પ્રભાવના અને ભાવના :

**प्रकारेणाधिकां मन्ये, भावनातः प्रभावनाम् ।**
**भावना स्वस्य लाभाय, स्वान्ययोस्तु प्रभावना ।**

**उपदेशतरंगिणी ।**

એક 'પ્ર' અક્ષરે વિશેષ કરીને ભાવના થકી પ્રભાવનાને હું અધિક માનું છું; કેમકે, ભાવના પોતાને જ લાભદાયક છે અને પ્રભાવના તો પોતાને અને બીજાને પણ લાભદાયક છે.

**भावना मोक्षदा स्वस्य, स्वान्ययोस्तु प्रभावना ।**
**प्रकारेणाधिका युक्तं, भावनातः प्रभावना ।**

**श्राद्धविधि ।**

ભાવના શબ્દ કરતાં પ્રભાવના શબ્દમાં 'પ્ર' વધારે છે; તેથી, ભાવનાથી પોતાની જ મુક્તિ થાય છે અને પ્રભાવનાથી પોતાની અને બીજાની પણ મુક્તિ થાય છે, એ વાત સાચી છે.

સં. વોરા હેમચંદ્ર ન્યાલચંદ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्राचार्यनिर्मिता—

# अयोगव्यवच्छेदद्वात्रिंशिका ।

[ પદ્યાનુવાદ-સભાવાર્થ ]

અનુવાદક—પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ગણિ

( ગતાંક પૃષ્ઠ ૮૮ થી શરૂ )

मदेन मानेन मनोभवेन, क्रोधेन लोभेन च सम्मदेन ।
पराजितानां प्रसमं सुराणां, वृथैव साम्राज्यरुजा परेषाम् ॥ २५ ॥

દુષ્કામ ક્રોધ મદ માન પ્રલોભનાદિ,
ઉદ્દંડ ચંડતર આંતર શત્રુઓથી;
પામ્યા પરાજય અતિશય જે સદાના,
સામ્રાજ્ય રોગથી સર્યું પર દેવતાના. ॥ ૨૫ ॥

મદ-માન-મદન-ક્રોધ-લોભ અને હર્ષથી પરાભવ પામેલા અન્ય દેવોના સામ્રાજ્ય એ રોગો છો, તે તદ્દન નકામા છે. ૨૫.

स्वकण्ठपीठे कठिनं कुठारं, परे किरन्तः प्रलपन्तु किञ्चित् ।
मनीषिणां तु त्वयि वीतराग !, न रागमात्रेण मनोऽनुरक्तम् ॥ २६ ॥

ફેંકે કુઠાર અતિ તીક્ષ્ણ સ્વકીય કંઠે,
જે આ પ્રલાપ પરવાદિ કરે ગમે તે;
વિદ્વજ્જનોનું મન કેવળ દૃષ્ટિરાગે,
વૈરાગિ ! રાગી તુમમાં નહિં યુક્તિવાદે. ॥ ૨૬ ॥

પોતાના જ કંઠપીઠ ઉપર કઠિન કુહાડાનો પ્રહાર કરતા અન્યો ગમે તે બોલો. હે વીતરાગ ! આપને વિષે વિદ્વાનોનું મન રાગમાત્રથી આસક્ત નથી. ૨૬.

सुनिश्चितं मत्सरिणो जनस्य, न नाथ ! मुद्रामतिशेरते ते ।
माध्यस्थ्यमास्थाय परीक्षका ये, मणौ च काचे च समानुबन्धाः ॥ २७ ॥

માત્સર્ય યુક્ત જનથી નથી કૈં વિશેષ,
તારી પ્રસન્ન પરમાકૃતિમાં જિનેશ !;
માધ્યસ્થ્યધારક પરીક્ષક એ ગમાર,
જાણે ન ભેદ મણિ-કાચ વિષે લગાર. ॥ ૨૭ ॥

હે નાથ ! ખરેખર વિદ્વેષી માણસો કરતાં તેઓ વધતા નથી કે જે પરીક્ષકો મધ્યસ્થતા ધારણ કરીને મણિ અને કાચને વિષે સરખાઈ જણાવે છે. ૨૭.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इमां समक्षं प्रतिपक्ष साक्षिणा-मुदारघोषामवघोषणां ब्रुवे ।
न वीतरागात् परमस्ति दैवतं, न याप्यनेकान्तमृते नयस्थितिः ॥ २८ ॥

સર્વે વિપક્ષ વર સાક્ષિ સમક્ષ ચંડ,
ઉદ્ઘોષણા કરું ઉદાત્ત સ્વરે અખંડ;
શ્રી વીતરાગ વિણુ દેવ ન કોઈ બીજા,
સ્યાદ્વાદ વિણુ નહિં અન્ય નય વ્યવસ્થા. ॥ ૨૮ ॥

સામા પક્ષના સાક્ષિઓની સમક્ષ હું ઊંચે સ્વરે ઉદ્ઘોષણા કરું છું કે—વીતરાગથી બીજું કોઇ દૈવત નથી અને અનેકાન્ત સિવાય નય વ્યવસ્થા નથી. ૨૮.

न श्रद्धयैव त्वयि पक्षपातो, न द्वेषमात्रादरुचिः परेषु ।
यथावदाप्तत्वपरीक्षया तु, त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्म ॥ २९ ॥

શ્રદ્ધાવડે જ નથી નાથ ! તું પક્ષપાત,
અન્યો વિષે અરુચિમાં નથી દ્વેષ માત્ર;
આપ્તત્વની કરી યથાર્થપણે પરીક્ષા,
શ્રીવીર ! લીધી તુજ શાસનની સુ-દીક્ષા. ॥ ૨૯ ॥

આપના પ્રત્યે શ્રદ્ધાથી જ પક્ષપાત નથી અને બીજાઓમાં દ્વેષથી જ અરુચિ નથી, પણ યથાર્થપણે આપ્તપણાની પરીક્ષા કરીને જ હે વીર પરમાત્મન્ ! અમે આપને આશ્રયીને રહ્યા છીએ. ૨૯.

तमःस्पृशामप्रतिभासभाजम्, भवन्तमप्याशु विविन्दते याः ।
महेम चन्द्रांशुदृशावदाता-स्तास्तर्कपुण्या जगदीश ! वाचः ॥ ३० ॥

અજ્ઞાનિ-અંધ ન વિલોકી શકે કદીએ,
તે'વા તને પણ પ્રભો !, ઝટ જે સ્તવે તે;
**શ્રીહેમ-ચંદ્ર** સમ સ્વચ્છ સુતર્ક પુણ્ય,
વાણીતણી કરી પૂજા બનું ધન્ય ધન્ય. ॥ ૩૦ ॥

અજ્ઞાન-અંધારામાં ફસાએલા જેને જોઇ શકતા નથી, એવા આપને પણ જે શીઘ્ર પામે છે-સ્તવે છે તે ચંદ્ર કિરણોજ્વલ તર્કપુણ્ય વાણીને હે જગદીશ ! અમે પૂજીએ છીએ. ૩૦

यत्र तत्र समये यथा तथा, योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः सचेद्भवा-नेक एव भगवन् ! नमोऽस्तु ते ॥ ३१ ॥

જે તે મતે વળી પ્રકારથીએ ગમે તે,
જે તે રહો જગતમાં અભિધાન જે તે;
તે આપ એક જ પ્રભો ! ગતરાગદ્વેષ,
હો ! કોટિ કોટિ નમનો તમને જિનેશ ! ॥ ૩૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કોઈ દર્શનમાં જે કોઈ પ્રકારે જે કોઈ નામે જે કોઈ હો પણ જો રાગદ્વેષના મેલ વગરના આપ એક જ છો તો હે ભગવન્! આપને નમસ્કાર હો. ૩૧.

इदं श्रद्धामात्रं तदथ परनिन्दां मृदुधियो,
विगाहन्तां हन्त ! प्रकृतिपरवादव्यसनिनः ।
अरक्तद्विष्टानां जिनवर ! परीक्षाक्षमधिया,
मयं तत्त्वालोकः स्तुतिमयमुपाधिं विधृतवान् ॥ ३२ ॥

( શાર્દૂલવિક્રીડિત. )

હા બીજા પરનિંદના સમજીઆ, શ્રદ્ધા સ્વરૂપે લહે,
જેને ટેવ પરપ્રવાદની પડી, તે ક્યાંથી સારું કહે?;
રાગદ્વેષ વિના પરીક્ષણ કરે, હે નાથ! જે સજ્જનો,
તે આ તત્ત્વ પ્રકાશ સત્ય સમજે, સદ્ધર્મધ્યાને સ્તવ્યો. ॥ ૩૨ ॥

ભોળા માણસો આ કેવળ શ્રદ્ધાથી કહેલું છે એમ કહો, સ્વભાવે જ પારકી નિંદા કરવામાં રસીયા આને પરનિંદા કહો પણ હે જિનવર! પરીક્ષા કરવામાં સમર્થ બુદ્ધિવાળા રાગદ્વેષરહિત લોકોને તો આ તત્ત્વાલોક સ્તુતિમય ઉપાધિને ધારણ કરે છે. ૩૨.

નોટઃ—જગત્પ્રસિદ્ધ શ્રી સિદ્ધસેન દિવાકરરચિત બત્રીશ બત્રીશિકાને અનુસરીને બે બત્રીશ બત્રીશિકા, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ શ્રી વર્ધમાનજિનસ્તુતિરૂપ—અયોગવ્યવચ્છેદિકા અને અન્યયોગવ્યવચ્છેદિકા નામની દ્વાત્રિંશિકાઓ બનાવેલ છે. બંનેમાં શ્રી વીર ભગવાનની સ્તુતિ છે, અને સાથેસાથે જૈનતત્ત્વનું ન્યાયની પદ્ધતિએ ખંડનમંડન કરેલ છે. અયોગવ્યવચ્છેદિકા એટલે બત્રીશ શ્લોકો જેમાં જૈનદર્શન ખોટું છે, યથાર્થ નથી એવા અન્ય દર્શનકારોના અભિપ્રાયનું ખંડન અને અન્યયોગવ્યવચ્છેદિકા એટલે જે બત્રીશીમાં બીજા દર્શનકારો પોતાના મતને ખરો બતાવે છે તે ખરો નથી, પણ જૈન દર્શનકારોનો મત ખરો છે એવું પૂરવાર કરનાર જવાબ. અન્યયોગવ્યવચ્છેદિકા બત્રીશી ઉપર શ્રી મલ્લિષેણસૂરિરચિત પ્રસિદ્ધ "સ્યાદ્વાદમંજરી" નામની ટીકા છે. જૈન તત્ત્વજ્ઞાન અને અન્ય દર્શનોના તત્ત્વજ્ઞાનનું સૂક્ષ્મ રીતે ન્યાયની પદ્ધતિએ નિરૂપણ કરેલ છે. આ ગ્રંથ ઉચ્ચ અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારવામાં આવેલ છે. સ્યાદ્વાદમંજરી ઉપર આનંદશંકર બાપુભાઈ ધ્રુવે વિદ્વત્તાભરેલી ઈંગ્લીશ ભાષામાં નોટ્સ લખેલ છે.

અયોગવ્યવચ્છેદિકા સ્હેલાઈથી ગ્રહણ કરી શકાય તેવી હોવાથી તેના ઉપર વિદ્વત્તાભરેલી ટીકા કોઈ આચાર્યે લખેલ નથી. પંન્યાસ શ્રી ધુરંધરવિજયજીએ આ બત્રીશી ઉપર પદ્યાનુવાદ કરેલ છે અને શબ્દાર્થ કરેલ છે, જે આ માસિકનાં જુદા જુદા અંકોમાં છપાયેલ છે. પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી એક પ્રખર વિદ્વાન્ અને ન્યાયના નિષ્ણાત છે. તેઓશ્રીની વિદ્વત્તાનો લાભ વખતોવખત આ માસિકને મળે છે. **જીવરાજ ઓ. દોશી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનંદી વૃત્તિ

( લેખકઃ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ )

**જ્ઞાન** એ જીવમાત્રનો વિશિષ્ઠ ગુણ છે. અને જ્ઞાનને લીધે જ સુખની લાલસા તેનામાં જાગૃત થાય છે. એ સુખના પરિણામરૂપેજ આનંદનો આવિષ્કાર જોવામાં આવે છે અને એટલા માટે જ જીવમાત્ર સુખની ઝંખના કરે છે. રાતદિવસ સુખથી થતા આનંદ માટે આતુર હોય છે અને સુખની પ્રાપ્તિના સાધનો પાછળ દોડયા કરે છે. એ સાધનો ઘણા ભાગે ભૂલના હોય છે. સુખના સાધનોની કલ્પના દરેક પોતાની બુદ્ધિથી નક્કી કરે છે અને એ બુદ્ધિ મર્યાદિત હોવાને લીધે એ સુખને બદલે દુઃખ જ વ્હોરી લે છે. અને આનંદનો અનુભવ એને થતો જ નથી. કદાચિત સુખની સંવેદના થાય છે તો પણ તે ક્ષણજીવી જ નિવડે છે. રાજકીય હેતુના કારણે કેટલાએક ખૂનો થાય છે. ખૂની એમ સમજે છે કે–અમુક મનુષ્યને હું જગતમાંથી ભૂંસી નાખું તો મને સાચા આનંદનો અનુભવ મળશે અગર હું ઘણાઓને સુખ આપનારો નિવડીશ. એમાં કેટલી મૂર્ખાઇ છે એનો એને કલ્પના સરખી પણ હોતી નથી. પોતે અનંત ભવના દુઃખોનો નિર્માણકર્તા થાય છે અને જેમના સુખની અપેક્ષા તે રાખે છે તેમને તો તે ઉલટી રીતે દુઃખની ખાઇમાં જ ધકેલી દે છે, માટે સાચા સુખનો અર્થાત્ આનંદનો માર્ગ કયો છે તે માટે આપણે વિચાર કરવો જોઇએ.

વ્યસન સેવન કરનારો દુર્વ્યસની પોતાના માની લીધેલા વ્યસનની ધૂનમાં પોતાનું સ્વત્વ પણ ખોઇ બેસે છે. આગળ જતા એ વ્યસનનો ભોગ થતા વ્યસનના દુષ્પરિણામો જોવા અને અનુભવવા પડતા તે વ્યસન છોડી શકતો નથી; એટલે સુખ અને આનંદ મેળવવાની ધૂનમાં એ પોતાનું સર્વસ્વ ગુમાવી બેસે છે, અને જગતમાં નિરુપયોગી પ્રાણી તરીકે જીવી પોતે નરકાદિક ગતિઓમાં રખડે છે; એટલે આનંદ મેળવવા જતાં અનંત દુઃખોને આમંત્રી બેસે છે.

આનંદનો વિરોધી એક બીજો ગુણ ઉદાસીનતા છે. કેટલાકએક લોકોનો સ્વભાવ જ આનંદમય થઇ જાય છે. અને ગમે તેવા પ્રસંગમાં તે આનંદનો જ અનુભવ કરી ઉદાસીનતાને દૂર જ હડસેલી મૂકે છે. એવા માણસો જ્યાં જાય ત્યાં ક્ષણવારમાં પોતાના વિનોદી હાવભાવ અને ચતુર વિનોદથી પોતાની આસપાસ હર્ષમય વાતાવરણ નિર્માણ કરી મૂકે છે. ઉદાસ અને નિઃસ્તબ્ધ બેઠેલા લોકોમાં એવી એકાદ કલ્પના મૂકી દે છે કે તરતજ બધાઓના મુખો ઉલ્લાસિત થઇ જાય છે. ફીક્કા ચહેરાઓ ઉપર ગુલાબી રંગ ખીલે છે. નિસ્તેજ આંખો અપૂર્વ તેજથી ચળકવા લાગે છે. કર્તવ્યશૂન્ય થઇ બેઠેલાઓને સ્વમાન જાગૃત થાય છે અને તેઓ આનંદનો અનુભવ કરવા લાગે છે. દરેકના આયુષ્યમાં સંકટો તો આવે છે જ. પૂર્વોપાર્જિત કર્મો કયાં જવાના હતા? એવા સંકટ પ્રસંગે ઉદાસીન થવું, હતપ્રભ થવું અને હાથ પગ વાળી નિર્વીર્ય થઇ બેસી રહેવાથી તો ઉદાસીનતા તો વધતી જ જવાની અને આનંદ તો દૂર ને દૂર દોડતો જવાનો. એવે વખતે આનંદી વૃત્તિ આવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય તો દુઃખની અને ઉદાસીનતાની માત્રા એકદમ ઓછી થઈ સાચો માર્ગ સૂઝી આવે. સંત મહાત્માઓ ઉપર સંકટો કયાં ઓછા આવે છે! પણ એવે વખતે તેઓ પોતાનું સમતોલપણું જરાએ નહીં ગુમાવતાં આનંદી વૃત્તિ ધારણ કરે છે અને એમ કરી દુઃખનો આવેશ નષ્ટ કરી નાંખે છે. કોઇ એક મનુષ્ય શત્રુભાવ ધારણ કરી આપણા ઉપર હુમલો કરવા આવતો હોય ત્યારે ગભરાઇ જઈ આમતેમ દોડવા માંડીએ અગર રડતા રહીએ તો સામા માણસનું જોર વધતું જાય છે. જાણે આપણે તેને ઉત્તેજન જ આપતા હોઇએ છીએ પણ એવે પ્રસંગે આપણે સરળતા, નમ્રતા અને અડગપણું ધારણ કરીએ તો સામાનું બળ તરતજ ઓછું થઇ જાય છે. બળ કેવી રીતે વાપરવું એની પણ એને સમજ પડતી નથી. સત્યાગ્રહના આંદોલન વખતે તેનો પૂરેપૂરો અનુભવ આપણને થયો છે.

ક્રોધ આવે છે ત્યારે પ્રથમ આનંદ નષ્ટ થઇ જાય છે, આખું શરીર ધ્રૂજવા માંડે છે, મુખ લાલચોળ થઇ જાય છે, શ્વાસ વેગવાન બને છે, નસો ફુલાઈ જાય છે, પરિણામનો વિચાર કર્યા વગર માણસ યદ્વાતદ્વા બોલવા માંડે છે. કદાચિત પોતાનું સમતોલપણું ગુમાવી તે મારામારીમાં ઉતરી પડે અગર પટકાઇ પડે છે. શરીરમાં દાહ વગેરે વિકારો ઉત્પન્ન થતાં કોઇ જાતના રોગોનું બીજારોપણ થઇ જાય છે. એવા પ્રસંગે ક્રોધનો આવેગ દબાવવામાં આવે અને વિચાર કરવા માટે જરા થોભી જવામાં આવે તો આગળના ઘણા પરિણામો અટકાવી શકાય. એટલા માટે જ હમેશ આનંદીવૃત્તિ રાખવામાં આવે તો આવા કટુ પ્રસંગોથી આપણે બચી શકીએ; માટે જ ક્રોધનો પ્રસંગ ઉપસ્થિત થવાની સંભાવના જણાતા આપણે આનંદીવૃત્તિને આવાહન કરીએ; કુશલ માણસ ક્રોધના વિષયને વિનોદમાં ફેરવી નાંખે છે. અને જ્યાં બાથંબાથ થવાનો સંભવ હોય છે ત્યાં હાસ્યના ફુવારાઓ ઊડવા માંડે છે.

ધર્મ સાધનામાં આનંદી વૃત્તિ ઘણું મોટું કાર્ય સાધી શકે છે, હું દીન હીન પામર પ્રાણી છું. મારાથી કાંઇ થવાનું નથી. હું જમીનને ભારભૂત છું. હું નિર્ભાગ્ય છું. મારી પાસે દ્રવ્ય નથી. જ્ઞાન નથી. મને આવડત નથી. મારાથી કાંઇ થઇ શકે તેમ નથી. આવા ઉદાસીન વિચારો રાખનારો મનુષ્ય પોતાની અનંત શકિતથી તદ્દન અજ્ઞાન હોય છે. આવો મનુષ્ય હમેશ ઉદાસ, હતાશ અને ડરપોક થઇ બેસી રહે છે. તેનો ચહેરો ફીક્કો પડી જાય છે અને અપચન જેવા રોગો એના શરીરમાં ઘર કરી બેસે છે. પરિણામે એના હાથે ધર્મનું તો શું પણ પોતાની ઉદરપૂર્તિનું કાર્ય પણ થઇ શકતું નથી. અને ધીમે ધીમે એ જગત માટે તો શું પણ પોતાને માટે પણ નિરુપયોગી થઇ પડે છે. બીજાઓ જ્યારે આનંદથી ચર્ચા કરતા હોય અગર શાસ્ત્રવિનોદ કરતા હોય ત્યારે પેલો માણસ એકાંતમાં નિસાસા મૂકતો હોય છે. એને કોઇ વ્રત, અનુષ્ઠાન કે ધર્મક્રિયામાં પણ આનંદ આવતો નથી. બીજાઓને સહકાર આપી આનંદમાં સહભાગી થવાને બદલે તે બીજાને ભારભૂત નિવડી કંટાળો આપનારો થઇ જાય છે. એની સાથે બોલવાની પણ કોઇને ઇચ્છા થતી નથી; માટે જ આપણે આનંદી વૃત્તિ કેળવવાની અત્યંત જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદી માણસ રોગ–આતંક આવે ગભરાઇ જતો નથી. મનને આનંદિત રાખવાથી રોગનું જોર પણ ઘટે છે. કુશલ વૈદ્ય દર્દીને ઉત્સાહી રાખી તેના મનમાં જામેલી નિરાશાની વૃત્તિ કાઢી નાખે છે. અને તું હમણા સાજો થઇ જઇશ, તને કાંઇ વિશેષ થયું નથી, વિગેરે બોલી દરદીને રોગ સહન કરવાને તૈયાર કરે છે. અને એને લીધે જ વૈદ્યના ઓસડને ખૂબ મદદ થાય છે. એટલે ઓસડ કરતાં આત્મવિશ્વાસ, ધૈર્ય અને આનંદી વૃત્તિ વધારે કારગત નિવડે છે. અનેક મોટી તપસ્યાઓ પણ આવા મનોબળ અને આત્મવિશ્વાસના જોરે સફળ થાય છે. આ બધામાં આનંદની વૃત્તિ જ ઘણું મોટું કાર્ય કરે છે. નિરાશ કરતા આશાવાદી મનુષ્ય વધુ કાર્યક્ષમ નિવડે છે, ઐહિક સ્વાર્થ વખતે અગર પારમાર્થિક આત્મોન્નતિ પ્રસંગે મનુષ્યમાં આત્મવિશ્વાસ અને ખેલદિલી વૃત્તિ હોય તો તેને યશ મળવામાં હરકત આવતી નથી.

જે કાર્ય કરતાં આપણી આનંદી વૃત્તિ જાગૃત થાય છે, આપણું મન પ્રફુલ્લિત થાય છે, આપણી રોમરાજી વિકસ્વર થાય છે, સુખ અને આનંદનો આપણને અનુભવ થાય છે તે કાર્ય આપણને ઘણા વખત સુધી સ્મરણમાં રહે છે. ત્યારે આપણે પોતાના મનથી એકાંતમાં વિચાર કરીએ કે પૂજામાં, ચૈત્યવંદનમાં, પ્રતિક્રમણ કરતાં આપણને એવો અનુભવ થાય છે કે ? આપણા રોમરોમમાં આનંદ ઉભરાય છે કે ? ક્રિયાનુષ્ઠાન કરતાં આપણા અન્ય બધા વિચારો ભૂલી શકીએ છીએ કે ? એનો જે ઉત્તર મળે તેની ઉપરથી આપણી પોતાની કીંમત આંકવાની હોય છે. હમેશ આનંદની વૃત્તિ રાખતા હોઇએ તો થોડા પ્રયત્ને કદાચિત્ એવી આનંદી વૃત્તિ જાગે, પણ યંત્રવત્ ક્રિયા ચાલી હોય ત્યારે એવા અલૌકિક આનંદની વાત કયાંથી કરાય ? પ્રભુ ભજનમાં તો પોતાને પણ ભૂલી જવાય, જગતને પણ ભૂલી જવાય, આત્મા નાચી ઉઠે, અમૃતક્રિયાની સ્ફુરણા થાય, લોકલજ્જા મૂકી શરીર નાચવા માંડે, આનંદ સિવાયના બધા વિચારો અને વિકારો સ્તંભિત થઈ જાય. પ્રભુ અને પોતે એકરૂપ થઇ જવાય, આવી વૃત્તિ કયારે જાગે ? જયારે આપણે દરેક ક્રિયામાં અને હીલચાલમાં, વિચારોમાં અને સંવેદનામાં આનંદી વૃત્તિને જ પ્રાધાન્ય આપીએ અને ઉદાસી જેવા વિચારોને ખંખેરી નાખીએ ત્યારે એવા સુખ અને આનંદને આપણે અનુભવી શકીએ. આપણામાં એવી કાર્યસાધક અને સુખાનુવર્તી આનંદની વૃત્તિ જાગી આત્માનંદ જેવા લૈકિક આનંદને આપણે પાત્ર નિવડીએ એવી ઇચ્છા અને ભાવના પ્રગટ કરી વિરમું છું

## ન ખરીદ્યું હોય તો આજે જ મંગાવી લ્યો !

# શ્રી સીમંધર શોભાતરંગ ( સચિત્ર )

કામગજેન્દ્રની અદ્‌ભુત કથા, પ્રાચીન સુંદર રાસ વિગેરે સામગ્રીયુક્ત
પૃષ્ઠ ૩૨૦, સુંદર પાકું બાઇંડીંગ, મૂલ્ય રૂપિયા બે.

લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માછીનો નિયમ

(૨)

લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

( ગતાંક પૃષ્ઠ ૯૩ થી શરૂ )

**નશીબનો ચમકાર.**

કુંવરી, જુવો પેલું સામે દેખાય છે એ આપણા નગરની ભાગોળે આવેલ શંકર ભગવાનનું દહેરું. શહેરમાં અવર-જવર માટેનો ધોરી માર્ગ બીજી બાજુ હોવાથી આ પ્રદેશ લગભગ અત્યારના નિર્જન સમ બની જાય છે ! ખુદ મંદિરમાં પણ રાત્રિના કોઇ રહેતું નથી !

ચંદ્રા, મેં જે વાત કહી છે તે બધી ધ્યાનમાં છે ને ? તારી જોડેનો મારો વર્તાવ એકાદી દાસી જેવો નથી, પણ અંતરની સખી તુલ્ય છે, એ વાત રખે ભૂલતી. હું પાકે પાયે સ્થિર થતાં જ તને મારી પાસે બોલાવી લઇશ. ઇભ્યકુળમાં ઉત્પન્ન થયેલ મારા એ સ્નેહીએ અહીં કેટલા વાગે આવવાનું કહ્યું હતું ?

કુંવરીબા, મેં એ વાત તમોને એક કરતાં વધુ વાર અત્યાર પૂર્વે કહી સંભળાવી હોવા છતાં આટલી અધીરાઈ શાને ધરો છો ?

વૈશ્ય-સંતાનને રાજકુંવરીના સ્નેહની ભિક્ષા પ્રાપ્ત થતી હોય એવો પ્રસંગ તો કોઈ મૂરખ જ હાથમાંથી જતો કરે !

અધીરાઇ તો એટલી જ કે તે વચન ન સાચવે તો મારી શી દશા થાય ! નીરાત તીરાત્ ભ્રષ્ટ થનાર હાથી જેવી જ ને ! મારી સાથે તેં મેળાપ કરાવી આપ્યો ત્યારે તેના ટાંટીઆ ધ્રુજતાં હતાં. રાજમાર્ગે જતાં એને જોઇ હું મોહાઇ છું એવો ખુલાસો કરી, મેં એને બધી વાત સમજાવી, અને ગંધર્વ લગ્ન કરી સંસારી જીવન આદરવા સારુ કંચનપુરનું સ્થળ માફક નથી, માટે થોડો સમય અહીંથી દૂર દેશ જઇ રહેવું, અને પછી વાત જૂની બની જાય એટલે પાછા ફરવું એ યોજના રજૂ કરી ત્યારે પણ એ મહાશય મૌન રહ્યા હતા. અંતમાં મેં કહ્યું-ઇપ્સિત કાર્યની સિદ્ધિ અર્થે આજ રાતના જ અહીંથી ભાગી નીકળવું લાભદાયી છે. આજનો દિવસ અતિ શુકનવંતો છે. ગંધર્વ વિધિથી લગ્ન કરી, મહેશના આશીર્વાદ સાથે આપણે ઉભયે પલાયન થવાનું. આ સાંભળતાં એ બોલી ઉઠ્યો—

રાજકુંવરી ! આવું સાહસ અને તે પણ આજે જ ?

હરિબળ નામ હોવા છતાં, વણિક જેવા બુદ્ધિશાળી વંશમાં જન્મ્યા છતાં, આટલો ગભરાય છે શા ને ? મેં હિંમત આપતાં કહ્યું. મારો હાથ મેળવવા ફાંફાં મારનાર કેટલા ક્ષત્રિયપુત્રોને નકારી, હું તારા રૂપમાં મોહાઇ, અરે ! એ સારુ માતપિતાના સંબંધને અવગણી માત્ર રાજમહેલના સુખોને જ નહીં પણ સાથોસાથ પ્યારા વતનને પણ છોડવા તત્પર બની ત્યારે તું તો 'જો' 'તો' ના આંક મૂકે છે !

રાજકન્યાની પ્રાપ્તિ ગળી લાગે તેવી લેખાય, પણ જો રાજવીના કાને વાત પહોંચે તો, આ હરિબળ ઇભ્યના શા હાલ થાય ! નીતિકારો કહે છે કે—'બિલાડી દૂધને જુવે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પણ પાછળ ઊભી કરેલ ડાંગને જોતી નથી' એના જેવી જ મૂર્ખાઈ ગણાય. વણિકપુત્રે તો સો ગળણે ગળી પાણી પીવું જોઈએ. એ બધી વાણીવાશાહી વાતો જવા દઈ, મારી સલાહથી સાહસ ખેડો અને મધરાત પૂર્વે મને શંકરના દેહેરે મળો. બીજો સર્વ પ્રબંધ હું કરી લઈશ. લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે તો મ્હોં ધોવા જવાની વાત કરતા નહીં.

સખી, 'વારૂ' એટલા શબ્દો ઉચ્ચારી તે પસાર થઈ ગયો. એક સ્નેહી પ્રીતમને છાજે એવો પ્રેમનો ઉભરો મને એનામાં દેખાયો નહીં. મારે આ મુહૂર્ત જવા દેવું નથી એટલે બધી ગોઠવણ છુપી રીતે કરી, હું તો આ સાહસે નીકળી પડી છું; છતાં મનમાં એના આગમનની શંકા રહે છે.

કુંવરીબા, 'મંછા ભૂત ને શંકા ડાકણ' એવી જનવાયકા છે. આવા સુઅવસરે જવા દો એ વાત. જુઓ પેલો મેરૂભા સાંઢણી સાથે આવી રહ્યો જણાય છે. એને પેલા વડના ઝાડ હેઠળ થોભવાની સૂચના મેં આપી છે.

મનમાંથી શંકા દૂર કરી, ચઢવા માંડો-મહેશ મંદિરના પગથીઆ. ઉમાપતિ સૌ સારાં વાનાં કરશે. એમ બોલી જ્યાં ચંદ્રા કમાડ ઠેલે છે ત્યાં ઝટ ઉઘડી જાય છે. એની નજરે સૂતેલ આદમી જણાતાં જ, એ ઝટપટ પાછા ફરી કુંવરીને ઉદ્દેશી કહેવા લાગી.

સાહેલી, તેં નકામા તરંગો કર્યાં. તારો પ્રિયતમ તો ક્યારનોયે આવી, તને ન જોતાં મંદિરમાં નિદ્રાધીન થયેલો જણાય છે. હવે મારી અગત્ય રહેતી નથી એટલે હું પાછી જઉં છું.

જતાં જતાં તારું ઇપ્સિત સધાવ એવા આશીર્વાદ આપું છું અને આ સ્થળનો સત્વર ત્યાગ કરવાની વિનંતી કરું છું.

વાર્તા પ્રવાહ એવી રીતે વહે છે કે-જેથી એ પર વધુ પ્રકાશ ફેંકવાની જરૂર જણાતી નથી. કંચનપુરના રાજવી જિતારીની તનયા **વસંતશ્રી** એકાદ વેળા ઝરૂખે ઊભી રાજમાર્ગ પરના ગમનાગમન નિહાળી રહી હતી ત્યાં એની નજરે એક શેઠીઆનો પુત્ર હરિબળ નામે ચઢ્યો. એના સૌન્દર્યપૂર્ણ ચહેરાથી યૌવનના આંગણે ઝુલતી રાજકુંવરી તેના તરફ આકર્ષાઈ. સખી ચંદ્રા મારફત છુપી રીતે મહેલમાં બોલાવી મુલાકાત પણ કરી અને એની સાથે ગંધર્વ લગ્ન કરવા તૈયાર થઈ. જે ગોઠવણ કરી તે ઉપરના સંવાદમાં જોવાઈ ચૂકી.

વસંતશ્રી પણ ઉમંગભેર મંદિરમાં દાખલ થઈ. તેણીને પાકી ખાતરી થઈ ગઈ કે આખરે વ્હાલો વણિકસુત સાહસ ખેડીને આવ્યો તો ખરો. ચોતરફ અંધકાર વ્યાપેલો હોવાથી તેના મુખારવિંદ પ્રતિ દૃષ્ટિ નાંખ્યા વિના, કરથી સ્પર્શ કરી ઢંઢોળવા લાગી અને બોલી—

હરિબળ, ઉઠો, નિદ્રા લેવાનો સમય હમણાં નથી, હજુ તો આપણે ઘણી ધરતી વટાવવાની છે.

હરિબળ, વારંવાર ઢંઢોળવાથી અને અવાજના શ્રવણથી જાગ્રત થયો. અંધારામાં પોતાને બોલાવનાર વ્યક્તિ કોણ છે? એ બરાબર કળી શકયો નહીં, છતાં હાથના મૃદુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પર્શથી એમ તો એને સમજાયું કે એ હસ્ત કોઇ લલનાનો છે. તેણીના વચનની મિષ્ટતાથી એ એટલો બધો મુગ્ધ થયો કે કોઇપણ જાતના પ્રશ્ન કર્યા વિના અગર તો પોતાનું શું કામ પડ્યું છે એ જાણ્યા વગર, મૌનપણે તેણીની પાછળ ચાલ્યો. ઉભય મંદિરના પગથીઆ ઉતરી, પેલા વૃક્ષ સમિપ આવી પહોંચ્યા. સાંઢણી તો તૈયાર જ હતી એટલે એના પર બન્નેએ બેઠક લીધી અને તરત જ ભરવાડે સાંઢણીને દોડાવી મૂકી. આમ હરિબળ વણિકને બદલે હરિબળ માછી રાજકુંવરી સહ વિદાય થયો. શું થાય છે એ મૌનપણે જોઈ રહો.

લગભગ કંચનપુરની હદ ઓળંગી સાંઢણી વિશાલપુર નજીક આવી પહોંચી ત્યારે મધ્ય રાત્રિ વીતવા માંડી હતી, અને આકાશમાં ચંદ્રની પ્રભા વિસ્તરવાનું શરૂ થયું હતું. એના પ્રકાશમાં વસંતશ્રીની નજર પોતે જેને પ્રિયતમ બનાવવાનો નિશ્ચય કર્યો છે એવા હરિબળના ચહેરા પર પડતાં જ તેણી ધ્રૂજી ઊઠી અને એકાએક તેણીનાથી બોલાઇ જવાયું.

હાય, હાય, આ તો શેઠ પુત્રને બદલે બીજો જ કોઈ આદમી છે. કયાં મારા પ્રેમપાત્રનો કમનીય સૌન્દર્યવાન ચહેરો અને કયાં આ આદમીનો ભયપ્રેરક શ્યામવર્ણો દેખાવ ! આખરે એ ઇભ્યપુત્રે મને હાથતાળી આપી ! નીતિકારે કહ્યું છે કેઃ—

**स्त्रीजातौ दांभिकता, भीरुकता वणिग्जातौ ।**
**रोषः क्षत्रियजातौ, द्विजातिजातौ पुनर्लोभः ॥**

એ અક્ષરશઃ સાચું છે. વણિક એટલે બીકણ, ક્ષત્રિયના ક્રોધને વધતાં વાર ન લાગે અને બ્રાહ્મણમાં સ્વભાવથી જ લોભવૃતિ હોય, નારીજાતિમાં દાંભિકતા સંભવે, મારા વર્તનમાં એનો અંશ પણ ન છતાં હું તો ત્રિશંકુ જેવી દશામાં આવી પડી. ન રહી ઘરની કે ન રહી ઘાટની. મુહૂર્ત તો એવું મજાનું ચાલી રહ્યું છે પણ આ પાત્રની જોડે છેડા બાંધી જીવન કેમ વીતાવાય ? હે વિધાતા ! તેં મારી આશા–વેલ પર કુહાડો માર્યો !

હરિબળ કુંવરીના વચનોથી કંઇક ખેદ પામી કહેવા લાગ્યો કે–સ્ત્રીજાત સ્નેહ કરવામાં ઉતાવળી હોય છે. એને સાહસ કરતાં વાર લાગતી નથી, જો વિચાર કરી પગલું ભરે તો આવો પશ્ચાત્તાપ કરવાનો વારો ન આવે.

હું સમજી શકું છું કે તારા પ્રિય પાત્રનો નામની સરખાઇથી આ રીતે ગોટાળો થયો છે, હજી કંઇ બગડી ગયું નથી. તારી ઇચ્છા હોય તો, આ શ્યામ–વર્ણો આદમી તને પુનઃ કંચનપુર શીઘ્રતાથી પહોંચાડી દેવા શકિતમાન છે. જગતમાં રૂપ કરતાં ગુણ જોવાની દૃષ્ટિ ખીલવવી જરૂરી છે.

એમ કહી હૃદયમાં પેલા વરદાનદાયી દેવનું સ્મરણ કર્યું. રૂપવાન બનવાનો વિચાર ઉદ્દભવતાં જ, દૈવી શક્તિનો પ્રભાવ પથરાયો. વસંતશ્રી પોતાના નેત્રો સામે પેલા શ્યામવર્ણો આદમીને બદલે, શ્રેષ્ઠીસુતના સૌન્દર્યને પણ ટક્કર મારે એવા નૂતન હરિબળને જોઇ અચંબામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગરકાવ બની. તેણીને એટલી ખાતરી તો થઇ ગઇ કે-પોતે જે હરિબળને ખેંચી લાવી છે એ કોઇ દેવતાઇ સિદ્ધિધારી વ્યક્તિ છે.

વસંતશ્રી વિચાર-વમળમાંથી મુક્ત થાય તે પૂર્વે હરિબળ હુંકાર કરી બોલ્યો કે—

રાજપુત્રી, સમય વીતી જાય એ પૂર્વે જ નિર્ણય કરી લેવો ઇષ્ટ છે.

હરિબળના ઉપરના શબ્દો રાજકુંવરીને ભૂખ્યાને ભોજન મળતાં જેમ આનંદ થાય તેવા થઇ પડ્યા. તરત જ એની મુહૂર્ત પરની શ્રદ્ધા પુનઃ જાગ્રત બની. એ સ્મિતવદને બોલી—

વિધિએ જે હરિબળનો મેળાપ કરાવ્યો એનો કર ગ્રહણ કરવો જ જોઇએ. જે ભૂમિ ઓળંગી આવ્યા ત્યાં પાછા ફરવાની અગત્ય નથી જ. મેં પ્રથમ કરેલી વિચારણા અજ્ઞાન-મૂલક હતી એમ મને સમજાય છે. '**गुणाः पूजास्थानं न च लिङ्गम् न च वयः**' એ નીતિવેત્તાઓની વાણી અક્ષરશઃ સાચી છે. જે વ્યકિત દેવ સાનિધ્યથી રૂપ-પરિવર્તન કરી શકે છે એટલું જ નહીં પણ, સામે રાજકુંવરી હોવા છતાં, એનામાં ન મોહાતાં, તેણીને વતનમાં પહોંચાડી દેવાનો પરોપકાર કરવા પણ ઉદ્યુક્ત છે એ કરતાં વધુ ગુણવાન વ્યક્તિ મને ક્યાંથી મળવાની છે? હવે તો આ જન્મ પર્યંતના સ્વામી અને શિરછત્ર તમે જ છો.

એમ બોલી વસંતશ્રીએ મેરુભાને સાદ્ધણીને, વિશાલપુરની ભાગોળે આવેલી માતાની દહેરીના ઓટલા આગળ થોભાવવાની આજ્ઞા કરી. ઝટપટ સાથેની સામગ્રી એ મંદિરમાં મંગાવી, શુભ શકુનનો લાભ લીધો, અર્થાત્ માતા અને મેરુભાની સાખે ઉભય લગ્ન-ગ્રંથીથી જોડાયા. એ વેળા બહાર આકાશમાં ચંદ્ર પણ પૂર્ણ કળાએ ખીલી નીકળ્યો અને નવદંપતીને જાણે આશીર્વાદ આપવા ન આવ્યો હોય એમ એનો પ્રકાશ નાનકડી દહેરીને અજવાળી રહ્યો.

આમ એક નાનકડાના નિયમને દ્રઢતાથી અમલી બનાવી એક સમયનો મચ્છીમાર હરિબળ રાજકુંવરીનો પતિ બન્યો વિશાલપુરમાં બીજે દિને એક સુંદર આવાસ રાખી, સંસારી જીવનના સુખો ભોગવવા લાગ્યો.

વસંતશ્રીની સલાહથી અને દેવની સ્હાયથી થોડા સમયમાં એણે રાજદરબારમાં ઊંચું સ્થાન મેળવ્યું. એ પછી કેટલાક સાહસના પ્રસંગો ખડા થતાં એમાંથી હરિબળ દેવ સાનિધ્યના જોરે સત્ત્વશાળી તરીકે દીપી નિકળે છે. એ વૃત્તાન્ત હરિબળ મચ્છીના રાસમાં વર્ણવેલ છે. પ્રાંત-ભાગે ચંદ્રાદ્વારા વસંતશ્રી સંબંધી સર્વ વૃત્તાન્ત જાણીને કંચનપુરનરેશે દિકરીજમાઇને માનપુરસ્સર તેડાવી, પોતાની ગાદી સોંપી. હરિબળ પણ સંતસમાગમથી ધાર્મિકવૃત્તિએ રાજ્યનું પાલન કરી રહ્યો. અડગ શ્રદ્ધા કેવું કામ કરી બતાવે છે એ કથાનક ઉપરથી સ્પષ્ટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક તપશ્ચર્યા વા અક્ષય તૃતીયા આરાધન.

લેખકઃ—શ્રી મગનલાલ મોતીચંદ શાહ, સાહિત્યપ્રેમી–સુરેન્દ્રનગર.

જ્યાં જ્યાં ધર્મી જીવો છે ત્યાં ત્યાં ધર્મ પણ તેની સન્મુખ જ હોય છે. ધર્મી અને ધર્મનો સંબંધ વ્યાપ્યવ્યાપકભાવ જેવો છે,: ધર્મી જીવાત્માઓ સ્વભાવથી જ ધર્મના આરાધનને માર્ગે વળેલા હોય છે. જે જીવાત્માઓ છેલ્લા પુદ્‌ગળપરાવર્તમાં પ્રવેશેલા છે કે અપૂર્વ વીર્યોલ્લાસે અર્ધ પુદ્‌ગલને વરેલા છે તે જીવો આરાધના સન્મુખ છે. આ આરાધનાના ઘણા પ્રકાર છે, જૈન દર્શનમાં ઉપાસના વિધિ જુદા જુદા પર્વોને અંગે જુદી જુદી રીતે બતાવવામાં આવી છે. તેની સાથે તેનો મહિમા પણ કહેવામાં આવ્યો છે. જે જીવાત્માને શાસ્ત્રનાં વચન ઉપર શ્રદ્ધા છે એટલે કે "**जिनपन्नत्तं ततं**" જિનેશ્વર દેવે પ્રરૂપેલું જ તત્ત્વ સત્ય છે એવી દૃઢ પ્રતીતિ પ્રગટ થતાં જેઓ શાસ્ત્રોક્ત આરાધનાને માર્ગે વળેલા છે, તેમને એટલે ખરી રીતે છેલ્લા પુદ્‌ગલપરાવર્તનમાં આવેલા જીવને જ શાસ્ત્રની પ્રરૂપણા રૂચે, તીર્થંકરદેવનું વચન જ સર્વથા શ્રધ્ધેય લાગે. જો પ્રભુના વચન ઉપર વિશ્વાસ ન બેસે તો જીવ દીર્ઘ પથાનુગામી સમજવો. મતલબ કે ચરમપુદ્‌ગળની તેને હજુ પ્રાપ્તિ થઇ નથી. ચરમપુદ્‌ગલની પ્રાપ્તિ થતાં જ તે જીવ વિકાસને માર્ગે વળી જાય છે અને આરાધના કે ઉપાસનાના પ્રાપ્ત થયેલા સમયને ગુમાવતો નથી. ભવસાગર તરવાનું સાધન આરાધના છે. જે જીવાત્મા સદ્ધર્મને જાણતા નથી, મનુષ્ય દેહની પ્રાપ્તિ છતાં માનવ ભવને સાર્થક કરી શકતા નથી. સંસારમાં રચ્યાપચ્યા રહે છે તે જીવોને જ્ઞાનીઓ વિરાધક કહે છે. એવા જીવાત્માઓ ભવસાગરમાં ડૂબે છે. નીચેના શ્લોકમાં પ્રભુને ઉદ્દેશીને ઠીક જ કહેવામાં આવ્યું છે.

**अर्हन् ! द्वयं विरुद्धं त्वं, किं भवाब्धौ करोषि नः ? ।**
**तारणं मज्जनं चैव, सत्यं पात्रार्हजं फलम् ॥** આરા. ૨૮૩

હે અરિહંત પ્રભુ! આ સંસારસમુદ્રમાં આપ અમારા પ્રત્યે બે પ્રકારના વિરુદ્ધ કાર્યો શા માટે કરો છે? તે શું આપને યોગ્ય છે? હા, ખરેખર યોગ્ય જ છે. પાત્રને તેથી પાત્રતાનું ફળ મળે છે, આપ તો રાગદ્વેષ રહિત છો એટલે તારક અને ડૂબાડનાર આપને કેમ કહીએ? શું અમારી જ આ ભૂલ તો નથીને? આરાધક જીવો સ્વભાવથી જ તરે છે અને વિરાધક જીવો સ્વભાવથી જ ડૂબે છે; માત્ર ઉપચારથી જ પ્રભુને ઉદ્દેશીને ઉપરના શબ્દો મૂકવામાં આવ્યા છે અને આરાધક જીવને આરાધનાને માર્ગે દોર્યો છે.

અક્ષય તૃતીયાનું આરાધન એ સર્વશ્રેષ્ઠ આરાધન છે. આરાધના ઘણા પ્રકારની છે. નિત્યારાધન, સાપ્તાહિકારાધન, પાક્ષિકારાધન, માસિક–આરાધન, ત્રિમાસિક–આરાધન, ચાતુ-ર્સિક–આરાધન અને વાર્ષિક–આરાધન. આ આરાધનના દિવસોને પર્વારાધન પણ કહે છે. વાર્ષિક આરાધનમાં અક્ષય તૃતીયાનું આરાધન સર્વશ્રેષ્ઠ ગણાય છે, કેમકે આ પર્વ તે એક દિવસના તપ–ત્યાગનું પર્વ નથી. પણ આખા વર્ષ સુધી સતત્ અત્રુટક પરમ પુનીત આરાધન છે, કે જે ભાગ્યશાળી જીવોને જ પ્રાપ્ત થાય છે. એક દિવસના ઉપવાસ અને એક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવસ આહારપાણી લેવા. એમ આખા વર્ષ સુધીનું પરમ તપ છે, જેને **વાર્ષિક તપ** પણ કહે છે. આ તપની શરૂઆત અક્ષય તૃતીયાથી થાય છે, જેથી તેને અક્ષય તૃતીયા આરાધન પણ કહે છે.

જૈનોના અનુષ્ઠાનોમાં ત્યાગ અને તપની પરાકાષ્ઠા છે, જૈન ધર્મનું મહત્ત્વ આ ત્યાગ અને તપ ઉપર નિર્ભર છે. એક સુખી માણસ ઉષ્ણ રૂતુમાં બે ચાર કલાક પાણી વિના રહી શકતો નથી ત્યારે જૈન મુમુક્ષુ જીવાત્માઓ, છઠ્ઠ, અટ્ઠમના પૌષધના ઉગ્ર તપ તપનાર પુણ્યવંત જીવાત્માઓ ભગવંત વીરના શાસનમાં છે. તેમજ છઠ્ઠને પારણે છઠ્ઠ કરનારા વાર્ષિક તપના તપસ્વીઓનું તપનું માહાત્મ્ય આપણે શું વર્ણવી શકીએ ?

## વાર્ષિક તપની ઉત્પત્તિ, વિધિ અને કાળ.

આ વાર્ષિક તપનું માહાત્મ્ય ભગવાન્ રૂષભદેવજીના નામની સાથે જોડાએલું છે. પ્રભુએ છઠ્ઠ તપશ્ચર્યાના પ્રત્યાખ્યાન કરી ફાગણ વદ ૮ ને રોજ દીક્ષા અંગીકાર કરી ત્યારથી ૧ વરસ ૧ માસ ને ૧૦ દિવસ સુધી પ્રભુને આહાર પાણી મળ્યાં નહીં. આટલો સમય વરસી તપનો ગણાય છે. પુણ્યવંત જીવો ફાગણ વદ ૮ થી વરસી તપની શરૂઆત કરે છે.

અક્ષય તૃતીયા આરાધનમાં ઉનું પાણી પીવું, સાદો અને રુચિકર ખોરાક ખાવો, કામકાજ, હરવુંફરવું નિયમિત રાખવું, આચારમાં શુદ્ધિ રાખવી, સજ્ઝાય, ધ્યાન, એકાગ્રતા, આત્મશુદ્ધિકુલકોનું પઠનપાઠન, સ્મરણ, મનન, સામાયિક, પ્રતિક્રમણ વગેરે સ્વાધ્યાયમાં આખું વર્ષ પસાર કરવાનું હોય છે. કર્મબંધ ન થાય એ હમેશાં વિચારવાનું હોય છે. મન સરલ અને દયાર્દ્ર રાખી દાન, શીલ આદિ ધર્મના ધોરી રસ્તાને પકડી વાર્ષિક તપને પૂર્ણ કરવાનું હોય છે. વરસીતપ કરતાં કોઇ વખતે છઠ્ઠ કે અઠ્ઠમની તપશ્ચર્યા પણ કરવી પડે છે. તે કઠણ તપશ્ચર્યા છે પરંતુ સૌથી વધારે કઠણ તપશ્ચર્યા તો તપ પૂર્ણ થતાં ચાર કે ત્રણ દિવસના ઉપવાસના પ્રત્યાખ્યાન કરવા પડે છે તે વધારામાં વધારે ઉગ્ર તપ છે. તપસ્વીના તપની આ ખરેખર કસોટી છે, કેમકે ચૈત્ર અને વૈશાખના ઉગ્ર તાપમાં જ આ તપની પૂર્ણાહુતિ છે. આવા તાપમાં ત્રણ કે ચાર દિવસના ઉપવાસ એ કર્મનું જ્વલન કરનારા માર્ગો છે. આ તાપના દિવસો કેટલા અસહ્ય છે તેનો ઇતિહાસ એમ કહે છે કે, જંગલમાં જ્ઞાન–ધ્યાનનું આરાધન કરનારા ઋષિ–મુનિયો જેઓ પોતાના આશ્રમની બહાર કોઇ વખતે રહી ગયા હોય તો તાપના કારણે શેકાઇને ભડથાં થઇ ગયા હોય એવા દાખલાઓ મળે છે. કહેવાનું તાત્પર્ય કે–ઉનાળાના તાપનું તપન આવું ઉગ્ર છે.

હવે મૂળ વિષય પર આવીએ ભગવંત રૂષભદેવજીને દીક્ષા પછી આહાર–પાણી મળ્યાં નથી, આહાર માટે પ્રભુ સ્થળે સ્થળે ફરે છે પરંતુ કોઇને આહાર–પાણી વહોરાવવાની પ્રવૃત્તિ થતી નથી કેમકે દાન દેવાની રીત લોકો સમજતા નથી. કલ્પવૃક્ષ સમ સુખ ભોગવી રહેલા લોકોને દાનનો બોધ કોઇએ કરેલો નથી. એટલે પ્રભુને શું જોઇએ છીએ તેની તેમને સમજ પડતી નથી. ભગવંત ઉપર લોકોની ભક્તિ ઘણી છે. સોનામહોરો ને હીરા માણેકના હારો લાવીને હાજર કરે છે, કોઇ રંગબેરંગી વસ્તુઓ લાવીને ઊભા છે, કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથી, ઘોડા, પાલખી વગેરે લાવીને સન્માન કરવા તૈયાર થયા છે, પરંતુ પ્રભુને જે જોઇએ છીએ તે મળતું નથી એટલે વસ્તીમાંથી પાછા ચાલ્યા જાય છે. લોકો ઘણુા નિરાશ થાય છે. બીજે દિવસે પ્રભુ આવે છે ત્યારે પણ આ જ પ્રમાણે બને છે. કોઇ દાનનો દાતાર નીકળતો નથી. પ્રભુની સાથે દીક્ષા લીધેલા ૪૦૦૦ સાધુઓ લાંબા વખત સુધી આહાર-પાણીનો વિયોગ સહન કરી શકયા નહીં જેથી આ માર્ગમાંથી મુક્ત થઇ ફળ-ફૂલાદિ ખાઇ સંન્યાસી તરીકે જીવન વીતાવવા લાગ્યા. આમ સૌ છૂટા પડી ચાલતા થયા. હવે પ્રભુ એકલા રહ્યા અને એક ગામથી બીજે ગામ વિચરવા લાગ્યા.

ફરતા ફરતા પ્રભુ ગજપૂર નામના નગરને વિષે આવી ચડે છે. આ નગરના રાજપુત્ર શ્રી શ્રેયાંસકુમાર પ્રભુના પ્રપૌત્ર છે. તેમના હાથથી પ્રભુને પારણું થવાનું છે એ નિમિત્ત અહીં આવી મળે છે. અને પ્રભુના પૂર્વસંચિત નિકાચિત અંતરાય કર્મનો યોગ પણ હવે પૂર્ણ થાય છે. પૂર્વભવમાં પ્રભુએ બળદના મુખે છીંકલી બાંધી આખી રાત એટલે બાર કલાક સુધી બળદના જીવને ધાસ પાણીનો અંતરાય પાડ્યો હતો. તે અંતરાયનો ઉદય નિકાચિત યોગ ભોગવ્યા સિવાય છૂટે તેમ ન હોતું. ચાર પ્રકારના બંધ શાસ્ત્રકાર બતાવે છે, અને સોયના દૃષ્ટાંતે સમજાવે છે. ( ૧ ) બદ્ધકર્મ એટલે સોયનો સમુદાય દોરીથી બાંધેલો હોય તેવાં કર્મ. ( ૨ ) સ્પૃષ્ટકર્મ-કાટને લીધે સોયો ચોટી ગઇ હોય તેવો બંધાએલો બંધ તે. ( ૩ ) નિધત્તકર્મ-સોયોને હથોડાથી ટીપીને એક કરીએ તેવું બંધાયેલું કર્મ. ( ૪ ) નિકાચિત્તકર્મ-સોયોને ગાળીને એક ગાળારૂપે બનાવી હોય તેના જેવા અત્યંત ચીકણાં કર્મને નિકાચિત કર્મ કહે છે, માટે જ કહ્યું છે કે—

**निकाचितं तु यत्कर्म, जीवैः सुदृढबंधनात् ।**
**उदयेनैव तत्प्रायो, वेद्यते नान्यथा पुनः ॥**

"જીવવડે નિકાચિત કર્મ જેવા દૃઢ બંધનથી બંધાય છે તે ઉદય વખતે બરાબર તે જ પ્રકારે ભોગવાય છે તે વિના તેમાંથી મુક્ત થવાતું નથી." અક્ષયતૃતીયા એ પ્રભુનો બંધનમુકત કાળ છે, કાળલબ્ધિની પ્રાપ્તિએ આહારની ઇચ્છાએ પ્રભુ વસ્તીમાં આવે છે. અહીં શ્રેયાંસકુમારજીને રાત્રિએ આવેલા સ્વપ્નથી અપૂર્વ વીર્યોલ્લાસ પ્રાપ્ત થયો છે અને દાન દેવાની ભાવના પ્રગટી છે. મહેલની અટારીએ શાંત વિચારણામાં બેઠા છે, એવામાં બહારથી કોળાહલ સંભળાય છે. પ્રભુની આસપાસ લોકોનું ટોળું જમા થઇ ગયું છે. સૌ અત્યંત ભક્તિ બતાવે છે, પરંતુ પ્રભુને શું જોઇએ છીએ તે કોઈ સમજતું નથી. પ્રભુ ત્યાંથી આગળ વધે છે ને શ્રેયાંસકુમાર પ્રભુની પાસે આવી ચડે છે ને વંદન કરે છે. પ્રભુને જોતાં જ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થાય છે અને પ્રભુ સાથેનો આઠ ભવનો સંબંધ યાદ આવે છે. મહાવિદેહ ક્ષેત્રમાં પ્રભુનો જીવ વજ્રનાભ ચક્રવર્તી હતો અને પોતે તેના સારથી હતા. આ સ્મરણ થતાં જ ભક્તિભાવ પ્રગટે છે અને દાનનું વિધિવિધાન સમજાય છે. બે હાથ જોડી વિનતિ કરે છે અને પોતાને આંગણે પધારી દાન લેવાની ભાવના બતાવે છે. પ્રભુ શ્રેયાંસનો શુદ્ધ આશય જોઇને તેને ત્યાં પધારે છે અને પોતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી પદ્યાત્મક દાર્શનિક કૃતિઓ.

( લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. )

**દર્શનશાસ્ત્રોનો ઉદ્ભવ**—આપણા આ દેશમાં પરાપૂર્વથી ઉત્તમ કોટિના તત્ત્વચિંતકોએ સત્યના સાચા સંશોધન પાછળ પુષ્કળ પ્રયાસ કર્યો છે. એમને જે સત્યનો સાક્ષાત્કાર થયો–સત્યનાં જે મહામૂલ્ય દર્શન એમને થયાં તે એમણે સંતને છાજે એવી વાણીમાં જનતા સમક્ષ રજૂ કરેલ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુલક્ષીને અપાયેલી આ દેશનાઓ આગળ ઉપર વ્યવસ્થિત રીતે લિપિબદ્ધ કરાતાં એ દર્શનશાસ્ત્રોરૂપે પરિણમી.

**લોકગિરામાં આશ્રય**—આ શાસ્ત્રોની ભાષા પાઇય( પ્રાકૃત ) કે સંસ્કૃત હતી, તે જ્યારે સામાન્ય લોકો સહેલાઇથી સમજી શકે એવી પરિસ્થિતિ રહી નહિ ત્યારે એને જનતાની ભાષામાં ઉતારવાનો અને એ દ્વારા તત્ત્વજ્ઞાનનાં વિવિધ મનનીય ક્ષેત્રોથી જનતાને

---

ત્યાં તાજા આવેલા શેરડીના રસના ઘડામાંથી પ્રભુને વહેરાવે છે. પ્રભુ પાસે કાંઇ પાત્ર હતા નહી. માત્ર બંને હાથ ભેગા કરી મુખ આગળ ધરે છે અને શ્રેયાંસ શુદ્ધ ભાવથી શેરડીનો રસ વહોરાવે છે. ૧૦૮ ઘડા વહોરાવી પ્રભુને પારણું કરાવે છે અને સુપાત્રદાનનો મહિમા ગવાય છે, દેવદુંદુભિ વાગે છે, દેવદેવીઓ ભક્તિભાવ બતાવે છે અને આજથી જ દાનની પ્રણાલિકા શરૂ થાય છે. તેમાં પણ સુપાત્ર દાનનો મહિમા કેવો અવર્ણનીય છે તે સમજાય છે. તે જ પવિત્ર દિવસ અક્ષય તૃતીયાનો છે.

અક્ષય તૃતીયા પર્વનું વિશેષ માહાત્મ્ય તો એ જ રીતે છે કે—દાન આપનાર દાયક કે દાતાર શ્રી શ્રેયાંસકુમારજી ઉત્તમ પાત્ર છે અને દાનધર્મના પ્રથમ દાતા છે. દાનના ગ્રાહકનો યોગ એ અત્યંત સુપાત્ર યોગ છે ને તે યુગના આદિ પ્રભુ છે. લેનાર અને દેનાર બંનેનો યોગ અલભ્ય છે. તેની સાથે દેય વસ્તુનો સુપાત્રમાં ઉપયોગ એ પણ કોઇ વિધિની જ ઘટના છે. આમ બધા યોગોની પ્રાપ્તિ એ અક્ષય તૃતીયાનો મહિમા છે.

અક્ષય તૃતીયા એ લૌકિક પર્વ પણ છે. લોકો તે વખતે કેટલાક શુભ કાર્યોની શરૂઆત કરે છે, પરંતુ જૈન દ્રષ્ટિએ આરાધનાનો આ દિવસ લોકોત્તર પર્વ તરીકે જ ગણાય છે. પુણ્યવંત આત્માઓ આજથી જ વરસી તપની શરૂઆત કરે છે અને તપસ્વીઓ ત્રણ કે ચાર દિવસના ઉપવાસ પછી શેરડીનો રસ પીને પારણું કરે છે, સગાસ્નેહીઓ આ પર્વને સારી રીતે ઉજવે છે. ગરીબોને ભોજન, નિરાશ્રિતોને દાન, જ્ઞાન સાહિત્યમાં વૃદ્ધિ, સાધુ–સંતના ઉપકરણમાં વૃદ્ધિ, ચારે તીર્થમાં ધર્મની વૃદ્ધિ થાય એમ ધનને વાપરે છે.

આપણે એ જ ઇચ્છીએ કે અક્ષય તૃતીયા આરાધન વૃદ્ધિને પામો અને જૈન ધર્મનો જયજયકાર હો.

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિચિત બનાવવાનો માર્ગ ગ્રહણ કરાયો. આના પરિણામે આપણને જૈન દર્શનના મૌલિક સિદ્ધાંતોને ગુજરાતી ભાષામાં [1]પદ્યસ્વરૂપે રજૂ કરતી કૃતિઓ આજે મળી આવે છે.

**ગુજરાતીની ઉત્પત્તિ**—આ દાર્શનિક કૃતિઓની રચના ગુજરાતી ભાષાના ઉદ્ગમ-કાળથી તો આગળની હોઇ જ ન શકે. આજે લગભગ આઠસો વર્ષ થયાં ગુજરાતી ભાષા ઉદ્ભવી છે. એનો ઉદ્ગમ-કાળ તે કલિકાળ-સર્વજ્ઞ હેમચન્દ્રસૂરિની ઉત્તરાવસ્થાનો સમય છે. અત્યાર સુધીમાં જે ગુજરાતી પદ્યાત્મક સાહિત્ય ઉપલબ્ધ થયું છે એ સૌમાં શાલિભદ્રસૂરિએ વિ. સં. ૧૨૪૧ માં રચેલો ભરતેશ્વર-બાહુબલિ રાસ સૌથી મોખરે છે.

**દાર્શનિક સાહિત્ય**—મહાનુભાવોનાં ઉત્તમ ચરિત્રોને આલેખતી પદ્યાત્મક કૃતિઓ જેટલા પ્રમાણમાં જોવાય છે તેનાથી અડધા પ્રમાણમાં પણ દાર્શનિક સ્વતંત્ર કે અનુવાદાત્મક કૃતિઓ હજી સુધી તો મળી આવી નથી. જેટલી કૃતિઓ મળે છે એ તમામ મારા જોવામાં જ આવી નથી તો એ સર્વેના પરિચયની તો વાત જ શી કરવી? તેમ છતાં તે દિશામાં સંશોધન કરવા જેવું છે એમ લાગવાથી હું આ લેખ લખવા લલચાયો છું. આશા છે કે-અહીં હું જે કૃતિઓ ગણાવું તેમાં ખાસ ઉમેરવા લાયક જે કૃતિઓ રહી જાય તે સૂચવવા વિશેષજ્ઞો કૃપા કરશે.

**ન્યાયાચાર્યનો ફાળો**—જૈન ગ્રંથકારોમાં 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિ અનેક રીતે અગ્રસ્થાન ભોગવે છે. એમણે સ્વપરસમયના સાહિત્યનું આકંઠ પાન કરી જે અમૂલ્ય કૃતિઓ ભિન્ન ભિન્ન ભાષામાં સર્જી છે તે વડે જૈન સાહિત્ય ખૂબ જ દીપે છે. દુર્ભાગ્ય એટલું જ છે કે-એમની આ તમામ રચનાઓને સાચવી રાખવા જેટલું પણ કાર્ય થઇ શક્યું નહિ. એમની નવ્ય ન્યાયાદિથી પરિષ્કૃત કૃતિઓ વાંચતાં વિચારતાં એમ લાગે છે કે-ન્યાયને અંગેનું સમગ્ર સાહિત્ય એમણે એક યા બીજા સ્વરૂપે પોતાની કૃતિદ્વારા આપણને પીરસ્યું છે. એમનો **ઉપનિષદો, ગીતા** વગેરેનો બોધ અસાધારણ હતો. એમાંની રોચક, પ્રેરક અને સુબોધક સામગ્રી એમણે પોતાની કૃતિઓમાં મનોરમ રીતે વણી લીધી છે.[2] આવા એક પ્રકૃષ્ટ અભ્યાસીને હાથે **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ** રચાયો છે.

**રાસ એટલે?**—સામાન્ય રીતે 'રાસ' શબ્દથી કોઇ કથા, વાર્તા કે ચરિત્રના નાયકના યશોગાનને લગતી રસિક પદ્યાત્મક કૃતિ એવો અર્થ કરાય છે અને સમજાય છે, પરંતુ અહીં તો આ 'રાસ' શબ્દ 'રસમય પદ્યરચના' એવા અર્થમાં વપરાયો છે. કિસ્સા, કહાની અને વાર્તાની એટલે કે કથાનુયોગની વિશેષતઃ રુચિ ધરાવનારને આ દ્રવ્યાનુયોગને લગતી કૃતિમાં આનંદ ઓછો આવે, પરંતુ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ સમજનાર અને

૧ ગુજરાતી પદ્યાત્મક સાહિત્યની આછી રૂપરેખા જૈ. સા. સં. ઇ. ની ૬૫૭, ૭૦૯, ૭૧૮, ૭૬૬-૭૮૫, ૮૯૫-૯૧૧, ૯૭૫-૯૮૫ અને ૯૯૬-૯૯૮ એ ક્રમાંકવાળી કંડિકાઓ પૂરી પાડે છે.

૨ દા. ત. **અધ્યાત્મસારમાં ગીતાનાં** કેટલાક પદ્યો ગૂંથી લેવામાં આવ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એના અભ્યાસ માટે અભિરુચિ રાખનાર તો આ **દ્રવ્ય-ગુણ-પર્યાય-રાસ** વાંચી-વિચારી ખૂબ જ આનંદ મેળવે તેમ છે.

આ કોઇ સામાન્ય કૃતિ નથી. એની પાછળ શતમુખી પ્રતિભા છે. આનું મૂલ્ય બરાબર સમજાયાથી તો ગુજરાતી કૃતિને અંગે જે વિવરણ-બાલબોધ ગુજરાતીમાં યશોવિજય ગણિએ રચેલ છે, તેના અમુક ભાગનો ઉપયોગ કરી **વિનીતસાગરના** શિષ્ય **ભોજસાગરે દ્રવ્યાનુયોગતર્કણા** નામનો ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો અને એને સં. સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કર્યો. આ સંસ્કૃત ગ્રંથ ૧૫ અધ્યાયોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સ્વરૂપ રજૂ કરે છે. વિશેષમાં એમાં પ્રમાણ અને નયનું નિરૂપણ છે અને એ આગમો અને **સમ્મઇપયરણ** જેવાના આધારે યોજાયેલો છે. આ ગ્રંથ હિન્દી અનુવાદ સહિત " પરમ-શ્રુત પ્રભાવક મંડળ " તરફથી વીર સંવત્ ૨૪૩૨ માં છપાયો છે. વિ. સં. ૧૭૮૫ થી ૧૮૦૯ ના ગાળામાં આ ગ્રંથ રચાયો છે.

**દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ** વિ. સં. ૧૭૧૧માં રચાયો છે. એના ઉપરનો બાલાવબોધ-ટબ્બો " **ऐन्द्रश्रेणिनतं नत्वा** " થી શરૂ થાય છે. આ જોતાં એ સ્વોપજ્ઞ જણાય છે. આ રાસનો આદિમ ભાગ તેમજ અંતિમ ભાગ **જૈન ગૂર્જરકવિઓ** ( ભા. ૨, પૃ. ૨૮-૩૦ ) માં અપાયેલ છે.

**પ્રકરણ રત્નાકર** ( ભા. ૧, પૃ. ૩૩૭-૪૧૨ )માં ઉપર્યુક્ત રાસ છપાયો છે. **ગૂર્જર સાહિત્ય સંગ્રહ**( ભા. ૨ )માં આ રાસ ઉપર્યુક્ત ટબ્બા તેમજ રાસના છૂટા બોલ સહિત છપાયો છે તે પ્રશંસાપાત્ર પ્રયાસ છે તેમ છતાં પાલણપુરના ભંડારમાં વિ. સં. ૧૭૧૧ માં લખાયેલી અને કોઇ કોઇ સ્થળે કર્તાના હસ્તાક્ષરમાં લખાણવાળી હાથ-પોથી છે તો આને આધારે આ રાસ સ્વોપજ્ઞ બાલાવબોધ સહિત વિશિષ્ટ ટિપ્પણાદિ સહિત પ્રકાશિત થવો ઘટે. દ્રવ્યાનુયોગના અર્થીને તો આ ખાસ ઉપયોગી થશે.

**જીવવિચાર સ્તવન**—સત્યવિજયના શિષ્ય વૃદ્ધિવિજયે વિ. સં. ૧૭૧૨માં આ સ્તવન રચ્યું છે. એમાં નવ ઢાલ છે. " એ પ્રકરણાદિ વિચારગર્ભિત શ્રી સ્તવનસંગ્રહ "માં શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર તરફથી ઇ સ. ૧૯૧૪માં છપાયું છે.[1]

**જીવવિચાર ભાષા**—' પાર્શ્વચન્દ્ર ' ગચ્છના હર્ષચન્દ્રના ગુરુભાઇ **નિહાલચંદ્રે** આ કૃતિ ' મકસૂદાબાદ 'માં વિ. સં. ૧૮૦૬માં રચી છે. એમાં ૧૮૬ કડી છે. આ કૃતિનું નામ વિચારતાં એમાં જીવના ભેદ-પ્રભેદોની હકીકત હશે એમ લાગે છે. જો એમ જ હોય તો એ એક રીતે ઓન્ટોલોજિ "( ontology )ની કૃતિ ગણાય.

**પુદ્ગલ-ગીતા**—**ચિદાનંદે** આ કૃતિદ્વારા પુદ્ગલ સંબંધી એક જાણે નિબંધ ન લખ્યો હોય તેવી આ કૃતિ છે. આ **સજ્જન-સન્મિત્ર**( [2]પૃ. ૫૦૫-૫૧૩ )માં છપાઇ છે. આમાં કોઇ કોઇ સ્થળે હિંદીની છાંટ છે.

૧ આ એની બીજી આવૃત્તિ છે. ૨ આ પહેલી આવૃત્તિનાં પૃષ્ઠ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[1]**નવતત્ત્વ ભાષા**—આના કર્તા પણ ઉપર્યુક્ત **નિહાલચન્દ્ર** છે. એમણે આ કૃતિ વિ. સં. ૧૮૦૭માં 'મકસૂદાબાદ'માં રચી છે.

[2]**નવતત્ત્વવિચાર સ્તવન**—સત્યવિજયના શિષ્ય વૃદ્ધિવિજયે 'ઘોઘા'માં વિ. સં. ૧૭૧૩માં આ સ્તવન રચ્યું છે. આના પ્રારંભિક અને અંતિમ ભાગ જૈ. ગૂ. ક. (ભા. ૨, પૃ. ૧૫૧-૧૫૨)માં નોંધાયેલો છે.

**નવતત્ત્વનું સ્તવન**—જીવાદિ નવતત્ત્વનું સ્વરૂપ પર્યાપ્તિ વગેરે બાબત સહિત આમાં અપાયેલું છે. આની રચના દુહા અને ચોપાઈમાં છે. મણિવિજયના શિષ્ય **ભાગ્યવિજયે** વિ. સં. ૧૭૬૬માં 'પાટણ'માં આ સ્તવન રચ્યું છે. એ ઉપર્યુક્ત "પ્રકરણાદિ૦ સંગ્રહ"માં છપાવાયું છે.

**નવતત્ત્વ સ્તવન**—ડુંગરવિજયના શિષ્ય **વિવેકવિજયે** ૧૮ ઢાલમાં આ સ્તવન વિ. સં. ૧૮૭૨માં 'દમણ'માં રચ્યું છે. શરૂઆતના ચાર 'દુહા' અને 'કલસ' પૂરતો ભાગ જૈ. ગુ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૨૮૫-૨૮૬)માં અપાયેલો છે.

**ચોવીસ દંડકનું સ્તવન**—નામ, લેશ્યા ઇત્યાદિ ૨૯ દ્વાર ચોવીસ દંડકને અંગે આ સ્તવનમાં ૭ ઢાલમાં વિચારાયાં છે. આના કર્તા ઉત્તમવિજયના શિષ્ય **પદ્મવિજય** છે. એમણે આ સ્તવન મહાવીરસ્વામીની સ્તુતિરૂપે રચ્યું છે. આ ઉપર્યુક્ત "પ્રકરણાદિ૦ સંગ્રહ" માં પ્રકાશિત થયેલું છે.

**ચોવીસ દંડકનું સ્તવન**—પાર્શ્વનાથની સ્તુતિરૂપે આ સ્તવન **વિજયહર્ષના** શિષ્ય **ધર્મચંદ્રે** 'જેસલમેર' માં વિ. સં. ૧૭૨૯ માં [3]દિવાળીને દિવસે રચ્યું છે. આમાં ગતિ-આગતિનું સ્વરૂપ આલેખાયું છે. આ સ્તવન પણ ઉપર્યુક્ત "પ્રકરણાદિ૦ સંગ્રહ" માં છપાવાયું છે.

**ચતુર્દશગુણસ્થાન સ્તવન**—શાંતિનાથની સ્તુતિરૂપે મિથ્યાત્વ, સાસ્વાદન ઇત્યાદિ ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ આઠ ઢાલમાં 'વિધિ' પક્ષના **કીર્તિરત્નસૂરિના** શિષ્ય **સૌભાગ્યરત્નસૂરિએ** વર્ણવ્યું છે. આ પણ ઉપર્યુક્ત "પ્રકરણાદિ૦ સંગ્રહ" માં પ્રસિદ્ધ કરાયું છે.

**ગુણસ્થાનવિચાર સ્તવન**—'બાહડમેરુ'ના મંડનરૂપ **સુમતિનાથની** સ્તુતિદ્વારા વાચક **વિજયહર્ષના** સાન્નિધ્યે મુનિ **ધર્મસિંહે** વિ. સં. ૧૭૨૯ માં આ સ્તવન રચ્યું છે. એમાં ૭ ઢાલ છે અને અંતે કળશ છે. એ ઉપર્યુક્ત "પ્રકરણાદિ૦ સંગ્રહ"માં છપાવાયું છે.

**ગુણઠાણાવિચાર બત્રીસી**—આ સકલવિજયના શિષ્યના શિષ્ય **માનવિજયે**

૧ જુઓ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૦૯૯). ૨ એજન પૃ. ૧૨૦૦. ૩ "દીપોત્સવી પર્વનું રહસ્ય" એ વિષયને અંગે વડોદરા 'રેડિયો' સ્ટેશનેથી મેં વાર્તાલાપ ગઈ દિવાળીએ રજૂ કર્યો હતો. એ અહીંના સાપ્તાહિક નામે "ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ"ના તા. ૧૯-૧૦-૫૧ ના અંકમાં પ્રસિદ્ધ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ. સં. ૧૭૩૪માં ત્રણ ઢાલમાં રચી છે અને એ ઉપર્યુક્ત "પ્રકરણાદિ સંગ્રહ"માં છપાવાઇ છે.

**આઠ યોગદષ્ટિની** [1]**સજ્ઝાય**—મિત્રા, તારા ઇત્યાદિ આઠ દૃષ્ટિનું વિસ્તૃત વર્ણન 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિએ કર્યું છે. આ સજ્ઝાય "ગૂર્જર સાહિત્યસંગ્રહ" (ભા. ૧) માં તેમજ અન્યત્ર છપાયેલી છે.

**કર્મપ્રકૃતિની સજ્ઝાય**—કર્મની ૧૫૮ પ્રકૃતિ બે ઢાલમાં મણિવિજયે વર્ણવી છે. એમાં કર્પૂરવિજયનું નામ છે. એ આ કર્તાના ગુરુ હોય એમ લાગે છે. આ સજ્ઝાય ઉપર્યુક્ત "પ્રકરણાદિ સંગ્રહ" માં પ્રકાશિત થયેલી છે.

**ચાર ધ્યાનની સજ્ઝાય**—આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ એ ચાર ધ્યાનનું સ્વરૂપ નવ ઢાલમાં ભાવવિજયે વિ. સં. ૧૬૯૬ માં 'ખંભ' નગરમાં વર્ણવ્યું છે. આ સજ્ઝાય પણ ઉપર્યુક્ત "પ્રકરણાદિ સંગ્રહ"માં છપાવાઇ છે.

**જ્ઞાન, દર્શન ને ચારિત્રનો સંવાદ**—જ્ઞાનવાદી પ્રથમ પોતાનું મહત્ત્વ દર્શાવે છે, ત્યારબાદ સમ્યક્ત્વવાદી પોતાનો પક્ષ રજૂ કરે છે. અંતમાં ક્રિયાવાદી પોતાનો મહિમા વર્ણવે છે. આમ અહીં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો પરસ્પર સંવાદ છે. આની રચના આઠ ઢાલમાં સૌભાગ્યસૂરિના શિષ્ય લક્ષ્મીસૂરિએ વિ. સં. ૧૮૨૭ માં કરી છે. આ સંવાદ પણ ઉપર્યુક્ત "પ્રકરણાદિસંગ્રહ" માં છપાવાયો છે. વિશેષમાં **સજ્જન સન્મિત્ર**ની ઇ. સ. ૧૯૧૩ ની પ્રથમ આવૃત્તિ( પૃ. ૩૧૭–૩૨૨ )માં પણ આ સંવાદ છે. અહીં કર્તા તરીકે લક્ષ્મીસૂરિને બદલે 'વિજયલક્ષ્મીસૂરિ' એવું નામ સંપાદકે રજૂ કર્યું છે.

**નિશ્ચય-વ્યવહાર-ગર્ભિત શાંતિજિન સ્તવન**—નિશ્ચય–નય–વાદી પોતાનું મંતવ્ય રજૂ કરે છે ત્યારબાદ વ્યવહાર–નય–વાદી પણ તેમ કરે છે. આ બંનેના એકાંતિક કથનમાં ભૂલ બતાવી બેનો અનેકાંત દૃષ્ટિએ સમન્વય સાધવાનું કાર્ય શાંતિનાથની સ્તુતિરૂપે 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિએ છ ઢાલમાં કર્યું છે. આની રચના "યુગ–ભુવન–સંયમ–માન" વર્ષમાં એટલે કે વિ. સં. ૧૭૩૪માં કે ૧૭૩૨માં કરાઇ છે. આ સ્તવન "ગૂર્જર સાહિત્ય સંગ્રહ"( ભા. ૧ )માં છપાયેલું છે.

**નિશ્ચય વ્યવહારગર્ભિત સીમંધરસ્વામી-સ્તવન**—[2]સીમંધરસ્વામીને વિજ્ઞપ્તિરૂપે રચાએલું આ સ્તવન નિશ્ચય–નય અને વ્યવહાર–નયનું સ્વરૂપ વર્ણવે છે. આ સ્તવન 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિએ ચાર ઢાલમાં રચ્યું છે. અને એ પણ ઉપર્યુક્ત "ગૂર્જર સાહિત્ય સંગ્રહ"( ભા. ૧ )માં પ્રકાશિત થએલું છે.

---

૧ આ સજ્ઝાયની એક હાથપોથી વિ. સં. ૧૭૩૬ માં લખાયેલી છે.

૨ એમને અંગેના સાહિત્ય માટે જુઓ **સીમંધરસ્વામી-શોભા-તરંગનો** મારો "પરિચય" ( પૃ. ૬૪–૬૮ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નય રહસ્યગર્ભિત સંવાસો ગાથાનું સ્તવન**—આ સ્તવન પણ સીમંધરસ્વામીને વિજ્ઞપ્તિરૂપે છે. એના કર્તા પણ 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિ છે. એમાં અગિયાર ઢાલ છે. એના વિષય અનુક્રમે નીચે મુજબ છે:—

શુદ્ધ દેશનાનું સ્વરૂપ, આત્મસ્વરૂપનો પરિચય, આત્મ–તત્ત્વનો વિચાર, શુદ્ધ નયનો વિચાર, વ્યવહારની સિદ્ધિ, મુક્તિનો માર્ગ, દ્રવ્ય–ભાવ–સ્તવ, જિનપૂજાથી નિર્જરા અને સાચી ભક્તિ યાને પ્રભુ પ્રત્યે પ્રેમ.

**નય વિચાર યાને સાત નયનો રાસ**—દાર્શનિક વિષયને અંગે રાસ રચવાની પહેલ 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિએ કરી છે. એ અરસામાં માનવિજયે નૈગમાદિ સાત નયોને અંગે રાસ રચ્યો છે.

**નયચક્રરાસ**—વિ. સં. ૧૭૨૬ માં હેમરાજે આ રાસ રચ્યો છે.

**સમકિતના ષટ્સ્થાન સ્વરૂપની ચોપાઈ**—આને સમ્યક્ત્વ-ચતુષ્પદી પણ કહે છે. એમાં સમ્યક્ત્વનાં છ સ્થાનોનું નિરૂપણ છે. એની રચના ન્યાયાચાર્ય યશોવિજયગણિને હાથે 'ખંભાતપુર'ના ચોમાસા દરમ્યાન વિ. સં. ૧૭૩૩ માં થઇ છે. આના ઉપર ટબ્બો છે. આ મૂળ કૃતિના આદિમ અને અંતિમ ભાગ જૈ. ગૂ. ક. ( ભા. ૨, પૃ. ૩૪–૩૫ ) માં છે. સમગ્ર કૃતિ **જૈન કથારત્નકોષ**( ભા. ૫, પૃ. ૨૮૨–૩૧૯ )માં છપાઇ છે. આ કૃતિ **ગુર્જર સાહિત્ય સંગ્રહ**( ભા. ૧, પૃ. ૫૫૪–૫૭૧ )માં પણ પ્રકાશિત થયેલી છે. એમાં અંતમાં સંસ્કૃતમાં લખાણ છે. આ ચોપાઇમાં આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરાયું છે અને 'બૌદ્ધ' મતને માન્ય ક્ષણિકવાદનું નિરસન કરાયું છે. જીવ કર્તા તેમજ ભોક્તા છે. આ વાતનું અહીં પ્રતિપાદન છે. અનિર્વાણવાદ અને નિયતિવાદનું અહીં ખંડન કરાયું છે.

**સમ્યક્ત્વવિચારગર્ભિત મહાવીર જિન સ્તવન**—ઉત્તમસાગરના શિષ્ય ન્યાયસાગરે આ સ્તવન છ ઢાલમાં વિ. સં. ૧૭૬૬માં રચ્યું છે અને એ "શ્રી [1]દંડકાદિ જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ"માં પૃ. ૪૯–૫૬માં છપાયું છે. આમાં સમ્યક્ત્વના બે, ત્રણ, પાંચ અને દસ પ્રકારોનું નિરૂપણ છે. ત્યારબાદ યથાપ્રવૃત્તિકરણ વગેરેનો વિચાર કરાયો છે. વિપાકોદય અને પ્રદેશોદય સંબંધી કેટલીક બાબત રજૂ કરાઇ છે.

**સંયમશ્રેણિનું સ્તવન**—પં. ઉત્તમવિજયે આ સ્તવન સુરતમાં વિ. સં. ૧૭૯૯ માં ચાર ઢાલમાં રચ્યું છે અને એ ઉપર્યુક્ત "શ્રી દંડકાદિ૦ સંગ્રહ"માં છપાયું છે.

**અધ્યાત્મ-કલ્પદ્રુમ-ચોપાઈ**—'સહસ્રાવધાની' મુનિસુંદરસૂરિકૃત અધ્યાત્મકલ્પદ્રુમના અનુવાદરૂપે આ ચોપાઈ રંગવિલાસે વિ. સં. ૧૭૭૭ માં રચી છે.

---

૧ આ સંગ્રહના પ્રકાશક માસ્તર ઉમેદચંદ રાયચંદ છે અને એમણે આ સંગ્રહ ઇ. સ. ૧૯૨૦ માં છપાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકીર્ણ

## મુલાકાત.

અત્રે બિરાજતા, પ્રસિદ્ધ વક્તા મુનિમહારાજશ્રી **ભુવનવિજયજી** મહારાજ, મુનિરાજશ્રી કુમુદવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી **ભાસ્કરવિજયજી** મહારાજ ચૈત્ર શુદિ પાંચમ રવિવારના રોજ સવારના આપણી સભાની મુલાકાતે પધાર્યા હતા, જે સમયે સભાની કાર્યવાહીનું દિગ્દર્શન કર્યું હતું. વિશાળ લાઈબ્રેરી, પુસ્તક પ્રકાશન વિગેરે વિભાગો જોઇ સંતોષ પ્રદર્શિત કર્યો હતો. સભાના બંને ઓનરરી સેક્રેટરી **શ્રી અમરચંદ કુંવરજી શાહ** તેમજ **શ્રી દીપચંદ જીવણલાલ શાહે** પૂજ્ય મુનિરાજશ્રીને સભાના કાર્યનો ખ્યાલ આપ્યો હતો. પૂ. મુનિરાજશ્રી ચૈત્ર વદિ ૧૧ ના અત્રેથી વિહાર કરી ગયા છે અને ચાતુર્માસાર્થે અત્રે પુનઃ પધારશે.

## અભિનંદન.

આપણી સમાજના પ્રખર કાર્યકર, મૂક સેવક, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસના મજબૂત હિમાયતી અને ભારતીય જૈન સ્વયંસેવક પરિષદના પ્રાણભૂત

---

**ધ્યાનમાલા**—વિ. સં. ૧૭૬૬ માં **નેમિદાસ** શ્રાવકે આ કૃતિ રચી છે. એ જોયા વિના એના વિષય વિષે ખાસ શું કહી શકાય ?

**જ્ઞાનવિલાસતત્ત્વસારોદ્ધાર, ધ્યાનવિલાસ, પ્રવચનસાર રાસ, સમ્યક્ત્વ રાસ, સિદ્ધાંતસાર રાસ** ઇત્યાદિ કૃતિઓ પણ દાર્શનિક ક્ષેત્રને ઓછેવત્તે અંશે સ્પર્શે છે, પણ એ વિષે વિશિષ્ટ વિચાર કરવા જેવી અત્યારે અનુકૂળતા નથી.

**તારવણી**—વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ જે દાર્શનિક વિષયોના સંક્ષિપ્ત પરંતુ સચોટ નિરૂપણ રૂપે **તત્ત્વાર્થસૂત્ર** જેવી અનુપમ કૃતિ રચી છે એ વિષયો પૈકી ઘણાખરા પદ્યમાં ગૂર્જર ગિરામાં ગૂંથાયા છે. પ્રત્યક્ષાદિ પ્રમાણો, નામાદિ નિક્ષેપ, સપ્તભંગી, મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનોની વિસ્તૃત ચર્ચા ઇત્યાદિ બાબતોને અંગે કોઇ સ્વતંત્ર નોંધપાત્ર કૃતિ છે કે કેમ તેની તપાસ કરવી બાકી રહે છે.

સત્તરમા સૈકાના ઉત્તરાર્ધથી ગુજરાતીમાં પદ્યમાં દાર્શનિક કૃતિઓ રચવાની વૃત્તિ પ્રબળપણે જાગી હોય એમ લાગે છે. એ પૂર્વે આ દિશામાં કોઈ વિશિષ્ટ પ્રયાસ થયો છે ખરો ?

ગમે તેમ પણ સત્તરમા સૈકાના ઉત્તરાર્ધથી, ગૂર્જર પદ્યાત્મક દાર્શનિક કૃતિઓની રચનારૂપી નદીમાં જે ભરતી આવી તે ઓગણીસમાના અંતમાં ઊતરી જાય છે. એ પછીના સમયમાં તો ઓટ ચોક્કસ આવી હોય એમ લાગે છે.

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, રાષ્ટ્રીય કોંગ્રેસ તરફથી મુંબઇ મ્યુનિસિપલ કોરપોરેશનમાં સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા છે, જે આપણા સમાજ માટે ગૌરવનો વિષય છે. શ્રીયુત મોહનલાલભાઇ આ રીતે સમાજની સેવા ઉપરાંત રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ કરે છે.

તેઓશ્રી સાદાઇ, સેવા અને નમ્રતામાં માનનારા હોઇ આપણા સમાજની ઘણી સંસ્થાઓ સાથે સંલગ્ન હોવા છતાં સ્વપ્રશંસાથી દૂર જ રહે છે. શ્રી જૈન ધર્મ પ્રકાશમાં આવતાં તેઓશ્રીના મનનીય અને સાથોસાથ બોધક કથા-લેખોથી વાચકવર્ગ સુપરિચિત છે.

તેઓશ્રી દીર્ઘાયુષી બની, સ્વાર્પણની ભાવનાને વધુ ને વધુ વિકસાવો તેમ ઈચ્છી, તેઓશ્રીને તેમના નવા રાજકીય ક્ષેત્રમાં વિશેષ સફળતા પ્રાપ્ત થાય તેમ પ્રાર્થીએ છીએ.

## અભિનંદન-પત્ર-સમર્પણ સમારંભ.

ઉદારદિલ, જાણીતા ઉદ્યોગપતિ અને પ્રતિભાવંત પુરુષ શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શેઠ રાજસભામાં નિયુક્ત થતાં તેમને શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ-ભાવનગર તરફથી ચૈત્ર શુદિ પાંચમ રવિવારના બપોરના, શ્રીયુત બળવંતરાય ગોપાળજી મહેતાના પ્રમુખસ્થાને, અભિનંદનનો મેળાવડો શ્રી સમવસરણના વંડામાં યોજવામાં આવ્યો હતો, જે સમયે સંઘના પ્રતિષ્ઠિત ગૃહસ્થો, આમંત્રિત સજ્જનો વિગેરેની લગભગ પાંચેક હજારની હાજરી હતી.

આ પ્રસંગે દોઢસો જેટલા શુભેચ્છાના સંદેશાઓ આવ્યા હતા શ્રી જુઠાભાઇ સાકરચંદ વોરા, શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ, શ્રી હરજીવનદાસ કાલિદાસ, શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી, શ્રી અમૃતલાલ કાલિદાસ શેઠ, ડો. બાવીશી, મુનિશ્રી કલ્યાણચંદ્રજી, શેઠ શ્રી ભોગીલાલભાઇ અને શ્રી બળવંતરાય ગો. મહેતાના પ્રસંગોચિત વક્તવ્યો થયા હતા. આ સમયે ભાવનગરની દરેક જૈન સંસ્થાઓ તેમજ બહાર ગામના આવેલા પ્રતિનિધિઓએ શ્રી ભોગીલાલભાઇને પુષ્પહાર પહેરાવ્યા હતા.

શ્રી ભોગીલાલભાઇને રૂપાના સુંદર કાસ્કેટમાં "અભિનંદન-પત્ર" અર્પણ કરવામાં આવ્યું હતું. પ્રાંતે શ્રી ભોગીલાલભાઈએ પોતાના પ્રત્યે દર્શાવવામાં આવેલ આ અનુપમ માન માટે પોતાના મિત્રો, શુભેચ્છકો વિગેરેનો આભાર માન્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખાસ વાંચવા લાયક પુસ્તકો

| | |
|---|---|
| ૧ આનંદઘન ચોવીશી-સાર્થ | ૧-૧૨-૦ |
| ૨ ઉપમિતિ પીઠબંધ-ભાષાંતર | ૦-૧૨-૦ |
| ૩ આચારપ્રદીપ | ૧-૪-૦ |
| ૪ આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| ૫ વીશસ્થાનક તપવિધિ | ૧-૮-૦ |
| ૬ કચ્છ ગિરનારની યાત્રા | ·-૮-૦ |
| ૭ કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ |
| ૮ ધનાશાલિભદ્રનો રાસ | ૧-૮-૦ |
| ૯ નયપ્રદીપ નયચક્ર | ૧-૦-૦ |
| ૧૦ ભોજપ્રબંધ ભાષાંતર | ૧-૮-૦ |
| ૧૧ શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| ૧૨ હિતશિક્ષાના રાસનું રહસ્ય | ૧-૮-૦ |
| ૧૩ તાત્ત્વિક લેખસંગ્રહ | ૨-૦-૦ |
| ૧૪ કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભા. ૮ | ૧-૧-૦ |
| ૧૫ " " ભા ૯ | ૧-૮-૦ |
| ૧૬ દાનધર્મ, પંચાચાર | ૧-૦-૦ |
| ૧૭ શ્રાદ્ધદિનકૃત્ય | ૦-૧૨-૦ |
| ૧૮ હેમચંદ્રાચાર્ય ચરિત્ર | ૦-૧૨-૦ |
| ૧૯ યુરોપનાં સંસ્મરણો (મૌક્તિક) | ૧-૮-૦ |
| ૨૦ ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૦-૦ |
| ૨૧ વિધિયુક્ત પંચ પ્રતિક્રમણ | ૨-૦-૦ |
| ૨૨ પંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ | ૧-૪-૦ |
| ૨૩ બે પ્રતિક્રમણ સૂત્ર અર્થવાળું | ૧·૧૬·૦ |
| ૨૪ નવસ્મરણ (ગુજરાતી) | ૦-૧૨-૦ |
| ૨૫ જૈનોના મહાન્ રત્નો | ૧-૪-૦ |
| ૨૬ જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ |
| ૨૭ તપગચ્છીય પંચ પ્રતિક્રમણ સૂત્ર | ૧-૦-૦ |
| ૨૮ દેવવિનોદ | ૧-૦-૦ |
| ૨૯ સિદ્ધાંત મુક્તાવલી | ૧-૦-૦ |
| ૩૦ ગુણસ્થાનક્રમારોહ | ૦-૧૨-૦ |

| | |
|---|---|
| ૩૧ યુગાદિ દેશના | ૦-૧૨-૦ |
| ૩૨ ભુવનભાનુ કેવળી ચરિત્ર | ૦-૮-૦ |
| ૩૩ પ્રાકૃત વ્યાકરણ | ૧-૮-૦ |
| ૩૪ દ્રવ્યગુણપર્યાયનો રાસ | ૧-૮-૦ |
| ૩૫ વિવિધ પુષ્પવાટિકા | ૦-૮-૦ |
| ૩૬ સ્નાત્ર કળશાદિ પૂજા | ૨-૦-૦ |
| ૩૭ પ્રભાવિક પુરુષો ભાગ ૩ જો | ૩-૮-૦ |
| ૩૮ દેવવંદનમાળા | ૨-૪-૦ |
| ૩૯ જ્ઞાનસાર (ભગવાનદાસ) | ૨-૦-૦ |
| ૪૦ સમ્યક્ત્વસ્વરૂપ | ૦-૧૨-૦ |
| ૪૧ સમકિતકૌમુદી | ૧-૦-૦ |
| ૪૨ વિદગ્ધમુખમંડન | ૧-૦-૦ |
| ૪૩ વિહારવર્ણન | ૧-૦-૦ |
| ૪૪ પ્રિયંકર નૃપ કથા | ૧-૮-૦ |
| ૪૫ પટ્ટાવલી સમુચ્ચય | ૧-૦-૦ |
| ૪૬ પંચપ્રતિક્રમણ (પોકેટ) | ૧-૮-૦ |
| ૪૭ ધર્મપરીક્ષા | ૧-૮-૦ |
| ૪૮ જિનશતક | ૦-૧૨-૦ |
| ૪૯ જીવનપ્રભા | ૧-૦-૦ |
| ૫૦ કાવ્યકલ્લોલ | ૧-૮-૦ |
| ૫૧ આદિનાથ ચરિત્ર (સ. વાં) | ૧-૮-૦ |
| ૫૨ અષ્ટકપ્રકરણ (હરિભદ્રસૂરિ) | ૦-૧૦-૦ |
| ૫૩ નવસ્મરણ (શાસ્ત્રી) | ૦-૪-૦ |
| ૫૪ સીમંધરશોભાતરંગ | ૨-૦-૦ |
| ૫૫ વજ્રસ્વામી આખ્યાન | ૦-૬-૦ |
| ૫૬ વૈરાગ્યશતક-સવિવેચન | ૧-૪-૦ |
| ૫૭ સ્વાધ્યાયરત્નાવલિ | ૧-૪-૦ |
| ૫૮ ઇંદુદૂત | ૧-૦-૦ |
| ૫૯ નિહ્નવવાદ | ૩-૦-૦ |
| ૬૦ અખાત્રીજનો મહિમા | ૦-૧૨-૦ |
| ૬૧ નિત્યસ્વાધ્યાયસંદોહ | ૩-૦-૦ |
| ૬૨ પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય | ૩-૦-૦ |
| ૬૩ વિવિધ પૂજા સંગ્રહ | ૩-૮-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No B. 156

## સ્વાધ્યાય રત્નાવલિ

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન બંને માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા ૧-૪-૦ પોસ્ટેજ અલગ. લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા.

**[ નવી આવૃત્તિ-અર્થ સાથે. ]**

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધરેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના પોસ્ટેજ અલગ. લખો.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

## શ્રી આનંદઘનજી–ચોવીશી

### [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી મુમુક્ષુજનોને અત્યંત ઉપયોગી છે. પાકું કપડાનું બાઇંડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ. સ્વાધ્યાય કરવા જેવું પુસ્તક છે.

## ખેદકારક સ્વર્ગવાસ.

ભાવનગરનિવાસી શાહ ફુલચંદ ગોપાળજી ચૈત્ર વદિ ૫ ને મંગળવારના રોજ ૫૫ વર્ષની ઉમ્મરે સ્વર્ગવાસી થયા છે. સદ્ગત ધર્મીષ્ઠ, મિલનસાર પ્રકૃતિવાળા અને શાંત સ્વભાવી હતા. ક્રિયારુચિ હોવા સાથે ધર્મનો સારો બોધ ધરાવતા હતા. આપણી સભાના ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી સભાને લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only